RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૨    બુધવાર, તા.૧૦-૦૪-૨૦૨૪    અંક : ૯૦    વર્ષ : ૧૯    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ભાદર નદીમાં કાર ખાબકતા ત્રણ મહિલા સહિત ચારના મોત

## સવારે રોયલ સ્કુલ પાસે કારનું ટાયર ફાટતા કરૂણ અકસ્માત



ધોરાજી,
ધોરાજીમાં આજે સવારના ટાયર ફાટતા કાર ભાદર નદીમાં ખાબકતા સર્જાયેલા અકસ્માતમાં એક જ પરિવારના ચાર વ્યકિતઓના ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળે જ મોત નિપજેલ છે. જેના પગલે કરૂણાંતિકા સર્જાઈ છે .આ કરૂણાંતિકામાં ધોરાજીના દંપતી અને તેની પુત્રી સહિત ચાર વ્યકિતઓ હતભાગી થતા આ વિસ્તારમાં ભારે અરેરાટી પ્રસરી જવા પામેલ છે. ધોરાજીનો આ પરિવાર માંડાસણ ગામે આયોજિત સોમયજ્ઞમાં ભાગ લઈ પરત ફરી રહ્યો હતો. આ દરમ્યાન ધોરાજીમાં ભાદર નદીના પુલ પર આઈ-૨૦ કારનું ટાયર ફાટતા ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા આ અકસ્માતની આ ઘટના ઘટી હતી.

આ બનાવ અંગે મળતી વિગતો એવા પ્રકારની છે કે ધોરાજીમાં આજે સવારના રોયલ સ્કૂલ પાસે પટેલ પરિવારની આઈ-૨૦ કારનું ટાયર ફાટતા ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ભાદર નદીમાં ખાબકી હતી. જેમાં સંગીતાબેન પ્રવીણભાઈ કોયાણી (ઉ.વ.૫૫) (રહે. ખરાવાડ પ્લોટ, ધોરાજી), લીલાવંતીબેન દિનેશભાઈ ઠુંમર (ઉ.વ.૫૨) (રહે. શ્રીનાથજી સોસાયટી, ધોરાજી) દિનેશભાઈ દામજીભાઈ ઠુંમર (ઉ.વ.૫૫) અને હાર્દીકાબેન દિનેશભાઈ ઠુંમર (ઉ.વ.૨૦)ના ગંભીર ઈજા થવાથી ઘટના સ્થળે જ મોત નિપજેલ હતા.આ ઘટના ઘટતા ધોરાજી માનવ સેવા યુવક મંડળના ધર્મેન્દ્રભાઈ, સાગર સોલંકી તેમજ પોલીસ તેમજ ફાયરબ્રિગેડનો કાફલો તાલુકા મામલતદાર અને મરનારના પરિવારજનો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયા હતા. તેમજ તરવૈયાઓની મદદ લઈ ભાદર નદીમાંથી ચારેય મૃતદેહો બહાર કાઢી માનવ સેવા યુવક મંડળ દ્વારા એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહોને સ્થાનિક સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતા.

# છત્તીસગઢના રાયપુર દુર્ગ રોડ પર બસ ખીણમાં ખાબકતા ૧૫નાં મોત



## ઈજાગ્રસ્ત પૈકી ૧૦ની સ્થિતી ગંભીરઃ પી.એમ. મોદીએ દુઃખ વ્યક્ત કર્યું : મૃતકોના આશ્રિતોને ૧૦-૧૦ લાખ આપવાની ઘોષણા

રાયપુર,
છત્તીસગઢના રાયપુર-દુર્ગ રોડ પર મંગળવારે રાત્રે કર્મચારીઓથી ભરેલી બસ ૫૦ ફૂટ ઊંડી ખીણમાં પડી હતી. આ દુર્ઘટનામાં ૧૫ કર્મચારીઓનાં મોત થયા છે, જ્યારે ૧૪ લોકો ઘાયલ થયા છે જેમાંથી ૧૦ની હાલત ગંભીર છે.

માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી. ઘાયલોને બસમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. કલેક્ટરે અકસ્માત અંગે મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપ્યા છે. કેડિયા ડિસ્ટિલરીએ કહ્યું છે કે મૃતકોના આશ્રિતોને ૧૦-૧૦ લાખ રૂપિયા આપવામાં આવશે, એક સભ્યને નોકરી આપવામાં આવશે અને ઘાયલોની સારવારનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવામાં આવશે. તમામ ઘાયલોને એઈમ્સ, એપેક્સ, ઓમ અને અન્ય હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ દુર્ઘટના કુમ્હારીના ખપરી રોડ પર મુરુમ ખાણમાં થઈ હતી. કેડિયા ડિસ્ટિલરીના કર્મચારીઓ પ્લાન્ટમાંથી બસમાં પરત ફરી રહ્યા હતા. અકસ્માત સમયે બસમાં ૪૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા. ઘાયલોને રાયપુર રેફર કરવામાં આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે મૃતકોની સંખ્યા વધી શકે છે.

ઘટનાની જાણ થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સોશિયલ મિડીયા પર દુઃખ પ્રગટ કર્યુ છે.

# કેજરીવાલ હવે સુપ્રીમના શરણે

## દિલ્હી હાઈકોર્ટે ધરપકડને યોગ્ય ગણાવી હતી, કહ્યું- EDએ પૂરતા પુરાવા આપ્યા છે



નવીદિલ્હી,
લિકર પોલિસી કૌભાંડમાં ૨૧ માર્ચે મુખ્યમંત્રીઅરવિંદ કેજરીવાલની ધરપકડને દિલ્હી હાઈકોર્ટે મંગળવારે યોગ્ય ઠેરવી હતી. કેજરીવાલ હવે આ નિર્ણય સામે બુધવારે સુપ્રીમ કોર્ટ પહોંચ્યા છે. દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે અમને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળવાની આશા છે.

દિલ્હી હાઈકોર્ટે મંગળવારે કહ્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ અમારી સમક્ષ પૂરતા પુરાવા રજૂ કર્યા છે. અમે નિવેદનો જોયા જે દર્શાવે છે કે ગોવાની ચૂંટણી માટે પૈસા મોકલવામાં આવ્યા હતા.

હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે અમને રાજકીય નૈતિકતાની નહી પણ બંધારણીય નૈતિકતાની ચિંતા છે. હાલનો મામલો કેન્દ્ર અને કેજરીવાલ વચ્ચેનો નથી. આ મામલો કેજરીવાલ અને ઈડી વચ્ચેનો છે.

હાઈકોર્ટે કહ્યું કે ઈઢ કાયદાકીય પ્રક્રિયાને અનુસરે છે. તેમની પાસે હવાલા ઓપરેટરો અને છછ ઉમેદવારોના નિવેદનો છે.

# ધો.૧૦-૧૨નું રિઝલ્ટ એપ્રિલના અંતમાં

## એક મહિનો વહેલું પરિણામ આવશે : પેપર ચકાસણીની કામગીરી આજે પૂર્ણ, આગળના અભ્યાસ માટેની પ્રક્રિયા પણ ઝડપથી થશે



નવીદિલ્હી,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા પૂર્ણ થઈ છે. ત્યારે પેપર ચકાસણીની કામગીરી પણ ઝડપથી શરૂ કરવામાં આવી હતી. જે કામગીરી આજે પૂર્ણ થશે. પેપર ચકાસણીની કામગીરી પૂરી થતાં હવે પરિણામ તૈયાર કરવાની કામગીરી શરૂ કરાશે. એપ્રિલ અંત સુધીમાં તમામ પરિણામ જાહેર કરવામાં આવશે. મહત્વનું છે કે લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ સામાન્ય કરતાં એક મહિના જેટલો સમય વહેલા જાહેર કરવામાં આવશે.

૧૧ માર્ચથી ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થઈ હતી. આ પરીક્ષા માર્ચ મહિનાના અંત સુધીમાં ચાલી હતી. પરીક્ષાની સાથે જ શિક્ષકોના મધ્યસ્થન મૂલ્યાંકન માટેના ઓર્ડર આવ્યા હતા. શિક્ષકોએ પેપર ચકાસવાની કામગીરી પણ પરીક્ષા સાથે જ શરૂ કરી હતી. પરીક્ષા પૂર્ણ થતાં પરીક્ષા કામગીરીમાં રોકાયેલા શિક્ષકો પણ મૂલ્યાંકન કામગીરીમાં જોડાયા હતા. આજના દિવસમાં સમગ્ર રાજ્યભરમાં પેપર ચકાસણીની કામગીરી પૂર્ણ થશે. ત્યાર બાદ બોર્ડ દ્વારા પરિણામ તૈયાર કરવામાં આવશે.

મહત્વનું છે કે, અત્યાર સુધી ગુજરાત બોર્ડના પરિણામ મે મહીનાના અંતમાં અથવા જૂન મહિનાની શરૂઆતમાં જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ આ વર્ષે ચૂંટણીના કારણે પરિણામ એક મહિના જેટલો સમય વહેલા જાહેર કરવામાં આવશે. તબક્કાવાર ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ જાહેર થશે. પરિણામ વહેલા જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓના આગળના અભ્યાસ માટેની પ્રક્રિયા પણ ઝડપથી થશે.

# રાજ ઠાકરેએ NDA ગઠબંધનમાં જોડાવાની કરી સત્તાવાર જાહેરાત

## શિવાજી પાર્કમાં MNSની ગુડી પડવા ઉત્સવની જનસભામાં કરી જાહેરાત

મુંબઈ,
મુંબઈમાં શિવાજી પાર્કમાં સ્ક્રજીની ગુડી પડવા ઉત્સવની જનસભાને સંબોધતા રાજ ઠાકરેએ કહ્યું, “મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ‘ભાજપ-શિવસેના-એનસીપી’ના મહાગઠબંધનને બિનશરતી સમર્થન આપી રહી છે. આ સમર્થન માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને NDA ગઠબંધન માટે છે. હવે બધાએ ચૂંટણીની તૈયારી કરવી જોઈએ”

રાજ ઠાકરેએ NDA ગઠબંધનમાં જોડાવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. આ સાથે આ સાથે જ તેમણે એ પણ જાહેરાત કરી કે આ લોકસભા ચૂંટણીમાં તેમની પાર્ટી ચૂંટણી નહીં લડે. ભાજપ પહેલાથી જ ઈચ્છતું હતું કે રાજ ઠાકરે આ મહાગઠબંધનનો ભાગ બને અને પીએમ નરેન્દ્ર મોદીના વિઝનને સમર્થન આપે.

લોકસભા ચૂંટણી-૨૦૨૪ના વાતાવરણમાં મહારાષ્ટ્રમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે છેલ્લા કેટલાક અઠવાડિયાથી ચર્ચામાં છે. પહેલા તેમણે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અને ભાજપ નેતા અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. બાદમાં તેઓ મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ અને ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસને મુંબઈની એક હોટલમાં મળ્યા હતા.

# દારૂ ઢીંચી નબીરાએ પાંચને ઉડાવતા વૃદ્ધાનું મોત, ૮ વર્ષનું બાળક ગંભીર

## સુરતના સરથાણામાં બની ઘટના : નશામાં બ્રેકની જગ્યાએ એક્સીલેટર દબાવી દિધું

સુરત,
સુરતના સરથાણા વિસ્તારમાં નશામાં ચૂર કારચાલક જિતેન્દ્ર માલવિયાએ રિક્ષા, બાઈક અને ત્રણ રાહદારીને અડફેટે લીધા હતા. જેમાં વૃદ્ધાનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત ૮ વર્ષના બાળકને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. સરથાણા પોલીસે સમગ્ર મામલે કાર્યવાહી હાથ ધરી કારચાલક સહિત બેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કારચાલક નબીરાએ કારમાં જ દારૂ ઢીંચી નશો કરી મિત્રને મૂકવા જતો હોવાનું અને બ્રેકની જગ્યાએ એક્સીલેટર દબાવ્યાનું પોલીસ સમક્ષ કબૂલ્યું હતું. જોકે, આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.

ઘટના અંગે મળતી માહિતી મુજબ, સરથાણા જકાતનાકા પાસે રહેતા ૬૫ વર્ષીય ગૌરીબેન જીવરાજ ધોળકિયા મંગળવારે સાંજે સરથાણા જકાતનાકા સ્વસ્તિક ટાવર પાસેથી પસાર થતા હતા તે વખતે નશામાં ચૂર કારચાલકે અડફેટે લીધા હતા. જેમાં કારચાલકે વૃદ્ધ ગૌરીબેન, રિક્ષા અને બાઈક સહિત પાંચને ટક્કર મારી હતી. અકસ્માતને પગલે વૃદ્ધા અને ૮ વર્ષીય બાહુ રવજી રાજપુતિયાને ગંભીર ઈજા પહોંચી હતી. ગંભીર ઈજાને પગલે ગૌરીબેનનું ઘટનાસ્થળે જ

# ઉમેદવારોએ પોતાની મિલકતની દરેક વિગતો જાહેર કરવી જરૂરી નથી

## અરુણાચલ પ્રદેશના એક અપક્ષ ધારાસભ્યના કેસમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો

નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે ચૂંટણી લડી રહેલા ઉમેદવારોની સંપત્તિના ખુલાસાને લઈને મોટી ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે ચૂંટણી લડતા ઉમેદવારે પોતાની માલિકીની તમામ મિલકતો જાહેર કરવી જરૂરી નથી. ઉમેદવારે માત્ર તે જ નોંધપાત્ર સંપત્તિ જાહેર કરવાની જરૂર છે જેથી મતદારો તેની આર્થિક સ્થિતિ અને જીવનશૈલીને સમજી શકે. કોર્ટે કહ્યું કે ચૂંટણી લડનારા ઉમેદવારોને ગોપનીયતાનો અધિકાર છે અને તેમણે તેમની સંપત્તિની દરેક વિગતો જાહેર કરવાની જરૂર નથી. અરુણાચલ પ્રદેશના એક અપક્ષ ધારાસભ્યના કેસમાં સુપ્રીમ કોર્ટેઆ ચુકાદો આપ્યો છે.

હકીકતમાં, ગૌહાટી હાઈકોર્ટે અરુણાચલ પ્રદેશના સ્વતંત્ર ધારાસભ્ય કરીખોન ક્રીની ચૂંટણીને અમાન્ય જાહેર કરી હતી. કરીખો ક્રીએ ૨૩ મે ૨૦૧૯ ના રોજ અરુણાચલની તેજુ વિધાનસભા બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે જીત મેળવી હતી. તેમણે તેમના ચૂંટણી એફિડેવિટમાં તેમની સંપત્તિના ઘોષણામાં તેમની પત્ની અને પુત્રના નામે ત્રણ વાહનોનો ઉલ્લેખ કર્યો નથી.

# મોદી કાં તો મહાકાલ આગળ ઝૂકે છે અથવા જનતા જનાર્દન સમક્ષ

## બાલાઘાટમાં મોદીએ કહ્યું હતું કે અત્યાર સુધી થયેલા વિકાસના કામો માત્ર ફુલઝડી છે



બાલાઘાટ,
મધ્યપ્રદેશના બાલાઘાટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે અત્યાર સુધી થયેલા વિકાસના કામો માત્ર ફુલઝડી છે. હવે વિકાસના રોકેટને વધુ ઉંચાઈઓ પર લઈ જવાનું છે. પીએમ મોદીએ કહ્યું કે હજી તો આ ટ્રેલર છે. હવે ભારતને નવી ઉંચાઈ પર લઈ જવાનું છે. તેમણે કહ્યું કે મોદી મોજ કરવા માટે જન્મ્યા નથી.

પીએમ મોદીએ પોતાને ભગવાન મહાકાલના ભક્ત જણાવ્યા હતા. તેમણે કહ્યું કે મોદી કાં તો મોદીએ કહ્યું, ’આટલી મોટી સંખ્યામાં માતાઓ અને બહેનોનો પ્રેમ સ્પષ્ટપણે દર્શાવે છે કે ૪ જૂને મધ્યપ્રદેશમાં કેવા પરિણામો આવવાના છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨ દિવસમાં બીજી વખત મધ્યપ્રદેશમી મુલાકાતે પહોંચ્યા હતા. મોદી (મંગળવારે) બાલાઘાટમાં ભાજપના ઉમેદવાર ભારતી પારધીની તરફેણમાં રેલીમાં સંબોધન કર્યુ હતુ. આ પહેલા તેઓ ૨૦૧૪માં ચૂંટણી પ્રચાર માટે અહીં આવ્યા હતા.

# સુરતના VR મોલને બ્લાસ્ટથી ઉડાવી દેવાની ધમકી : તપાસમાં કોઈ બોમ્બ ન મળતા રાહત

## 'બચાવવા હોય તેટલાને બચાવી લો', અજાણ્યા આઈડી પરથી મેઈલ આવ્યો : દેશભરમાં 52 જગ્યાએ ઈમેઈલ થયા



સુરત,
સુરતના ડુમસ રોડ પર આવેલા વી.આર. મોલને બ્લાસ્ટથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. અજાણ્યા આઈડી પરથી મેઈલ કરવામાં આવ્યો છે. જેમાં લખાયું છે કે, જેટલાને બચાવવા હોય તેટલાનો બચાવી લોપઆ મેઈલથી ગભરાહટનો માહોલ છવાઈ ગયો છે. સાથે જ મોલને ખાલી કરી દેવામાં આવ્યો હતો.ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડ સહિતની ટીમે સર્ચ કામગીરી શરૂ કરી અને તપાસ કરતા કંઈજ ન મળતા રાહત અનુભવી હતી.

પોલીસો આ દરમ્યાન મોલ મેનેજમેન્ટે કર્મચારીઓને બહાર નીકળવાની સૂચના આપી હતી.જેથી મોલ ખાલી કરી દેવાયો છે.

ઉલ્લેખનીય છેકે ડુમસ રોડ પર આવેલા વી.આર. મોલને ધમકી ભર્યો મેઈલ કરવામાં આવ્યો છે. આ વાતથી ભારે ગભરાહટ સાથે મોલને ખાલી કરી દેવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર બોમ્બ બ્લાસ્ટના ધમકી ભર્યા ઈમેઈલ દેશભરમાં પર જગ્યાએ મળ્યા છે. આવ્યો છે.

# હું તો ચૂંટણી લડીશ જ મધુ શ્રીવાસ્તવનો ધડાકો

## શક્તિસિંહ ગોહિલ સાથે પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે મુલાકાત કરી

અમદાવાદ,
લોકસભાની ચૂંટણી અને વિધાનસભાની પેટાચૂંટણીને લઈને ગુજરાતમાં રાજકીય પક્ષો દોડધામ કરી રહ્યા છે. ત્યારે વડોદરા લોકસભા બેઠક પર છેલ્લા કેટલાક દિવસોથી વિવાદ જોવા મળી રહ્યો છે. ભાજપ દ્વારા ઉમેદવાર બદલવામાં આવ્યા છે. ત્યારે વડોદરાની વાઘોડિયા બેઠક પર પેટાચૂંટણી થવાની છે.

ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે મધુ શ્રીવાસ્તવની ટિકિટ કાપીને અશ્વિન પટેલને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા હતા. જે ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાની જીત થઈ હતી. જોકે હવે ધર્મેન્દ્રસિંહ વાઘેલા ભાજપમાં જોડાતા પેટાચૂંટણી જાહેર કરવી પડી છે. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે મધુ શ્રીવાસ્તવ ફરી ચર્ચામાં આવ્યા છે.

ભાજપે વાઘોડીયા બેઠક પરથી વિધાનસભાના ઉમેદવાર તરીકે ધર્મેન્દ્રસિંહ વાઘેલાના નામની જાહેરાત કરી છે. બીજી તરફ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ વડોદરામાં આયોજિત કોંગ્રેસ કાર્યકર્તા સંમેલનમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. જ્યાં શક્તિસિંહ ગોહિલ સાથે પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ અનેક તર્કવિતર્ક સર્જાયા હતા.

# મોબાઈલ જોવાની ના પાડતા સગીરાએ આપઘાત કર્યો

સુરેન્દ્રનગર,
હળવદના દેવળિયા ગામમાં સગીરાએ આપઘાત કર્યાની ઘટના સામે આવી છે. દેવળિયા ગામની સગીર કિંજલ નાયકને તેના પિતાએ મોબાઈલ જોવાની ના પાડતા ખોટું લાગી આવ્યું. અને વાડીમાં જઈ ઝાડ સાથે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો. મોબાઈ જોવાની ના પાડવા જેવી સામાન્ય બાબતમાં સગીરાએ અંતિમ પગલું ભરતા પરિવાર પણ દીકરીને ગુમાવતા હજુ આઘાતમાં છે.

ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ હળવદના દેવળિયા ગામમાં એક પરિવાર ખેતમજૂરી કરી ગુજરાન ચલાવે છે. મૂળ છોટા ઉદેપુર જિલ્લાના વતની અને દેવળિયા ગામમાં રહેતા કમલેશભાઈ કંચનભાઈ નાયક માટે પુત્રીને ઠપકો આપવા બહુ ભારે પડ્યો. કમલેશભાઈએ પોતાની પુત્રી વધુ મોબાઈલ જોતી હોવાથી ઠપકો આપ્યો કે વધુ પડતું ના જુએ. પિતાના ઠપકાથી પુત્રીને લાગી આવ્યું અને ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો. હળવદ પોલીસે બનાવ અંગે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કાળઝાળ ગરમીઃ મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર

અમદાવાદ,
રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. જેમાં મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રી પાર ગયુ છે. તેમજ ૭ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી ઉપર નોંધાયુ છે. સૌથી વધુ તાપમાન ભુજમાં ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ડિસ્કમ્ફર્ટ કન્ડિશનની આગાહી કરવામાં આવી છે.

ડીસામાં ૪૧.૧, અમદાવાદમાં ૪૦ ડિગ્રી તાપમાન સાથે રાજકોટમાં ૪૧, સુરેન્દ્રનગરમાં ૪૧.૧ ડિગ્રી તથા ભુજમાં ૪૧.૭ડિગ્રી, કંડલામાં ૪૦.૭ ડિગ્રી તાપમાન છે. ગરમી અને



ભેજના કારણે ડિસ્કમ્ફર્ટ કન્ડિશનની સંભાવના છે. તેમજ છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલ તાપમાનના આંકડા પર નજર કરીએ તો તેમાં અમદાવાદ ૪૦.૦ ડિગ્રી, ગાંધીનગર ૩૯.૩ ડિગ્રી, ડીસા ૪૧.૧ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગર ૩૯.૫ ડિગ્રી તેમજ વડોદરા ૩૮.૬ ડિગ્રી તથા સુરત ૩૭.૦ ડિગ્રી તાપમાન રહ્યું છે. ભાવનગર ૩૭.૨ ડિગ્રી, રાજકોટ ૪૧.૦ ડિગ્રી, સુરેન્દ્રનગર ૪૧.૧ ડિગ્રી, મહુવા ૩૭.૦ ડિગ્રી, ભુજ ૪૧.૭ડિગ્રી તેમજ કંડલા ૪૦.૭ ડિગ્રી તથા કેશોદમાં ૩૯.૦ ડિગ્રી તાપમાન રહ્યું છે. ચૈત્ર માસના પ્રારંભ પૂર્વે જ સૂર્યનારાયણના આકરા તેવર જોવા મળ્યા છે. રાજ્યના ૭ શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી વધુ જોવા મળ્યો હતો. ઉત્તર ગુજરાતના મહેસાણા અને પાટણમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીને આંબી ગયો હતો. મહત્તમ તાપમાનમાં આગામી પાંચ દિવસ સુધી કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે.

# એમની માનસિકતા ઠીક નહીં હોય : તમે તમારી માનસિકતા ઠીક રાખો - પાટીલ

## ભાજપના પૂર્વ ધારાસભ્ય જીતુ સુખડિયાએ ભાજપ સંગઠન સામે બળાપો ઠાલવ્યો હતો

વડોદરા
વડોદરાના રાજમહેલ રોડ પર આવેલી પોલો ક્લબ ખાતે આજે વડોદરા લોકસભાનું ભાજપનું બૂથ પ્રમુખ સંમેલન યોજાયું હતું. જેમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા અને ભાજપના બૂથ પ્રમુખો અને કાર્યકરોને સંબોધન કર્યું હતું.

સી. આર. પાટીલે બૂથ પ્રમુખોને સંબોધતા કહ્યું હતું કે, 'વાદ વિવાદમાંથી બહાર આવી જાઓ, એમની માનસિકતા ઠીક નહી હોય, જેથી કંઇ બોલી ગયા હશે, પણ એની ચિંતા ન કરો, તમે તમારી માનસિકતા ઠીક રાખો' ઉલ્લખનિય છે કે, વડોદરાના ભાજપના પૂર્વ ધારાસભ્ય જીતુ સુખડિયાએ સોમવારે ભાજપ સંગઠન સામે બળાપો ઠાલવ્યો હતો અને સિનીયર નેતાઓની અવગણના કરવામાં આવતી હોવાનું નિવેદન આપ્યું હતું.

બૂથ પ્રમુખ સંમેલનનો સમય ૭ વાગ્યાનો હતો, પરંતુ સી.આર. પાટીલ ૮.૩૦ વાગ્યે સંમેલનમાં પહોંચ્યા હતા.

# નરોડામાં ધોળા દિવસે યુવક પર ગોળીબાર

## પોતાના ભાઈને ઓફિસે મૂકવા જઈ રહેલા યુવક ઉપર બાઈક પર આવેલા શખસોએ ફાયરિંગ કર્યું

અમદાવાદ
અમદાવાદના નરોડા વિસ્તારમાં પોતાના ભાઈને ઓફિસે મૂકવા જઈ રહેલા યુવક ઉપર બાઈક પર આવેલા શખસોએ ફાયરિંગ કર્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. અમદાવાદ શહેરમાં આચારસંહિતા હોવાથી અત્યારે સંદર્ભે જાહેરનામું છે અને મોડીરાત સુધી ચેકિંગ ચાલી રહ્યું છે. ત્યારે ધોળે દિવસે યુવક ઉપર ભરચક વિસ્તારમાં ફાયરિંગનો બનાવ બનતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે પ્રશ્નો ઊભા થયા છે.

આ ફાયરિંગના બનાવમાં સ્થાનિક પોલીસે સીસીટીવીમાં દેખાતી શકમંદ વ્યક્તિની તપાસ હાથ ધરી છે.PI એમ.વી. પટેલના જણાવ્યા અનુસાર, નરોડાના



સુમિતનાથ સોસાયટી પાસે સવારે ૧૦:૩૦થી ૧૧:૦૦ વાગ્યાના અરસામાં બાઈક પર આવેલા બે શખસે ૩૦થી ૩૨ વર્ષના આસરાના હર્ષિલ ત્રાબડિયા પર બે રાઉન્ડ ઉપરાઉપરી ફાયરિંગ કરી દીધું હતું. આ ફાયરિંગમાં હર્ષિલના કોણીના ભાગે ઈજા થઈ હતી. જ્યારે એક રાઉન્ડ મિસ ફાયર થયું હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

# વિવાદને હવે શાંત કરવો જોઈએ - પ્રવિણ તોગડીયા

## આગામી સમયમાં ગામે- ગામ હનુમાન ચાલીસા કેન્દ્રની સ્થાપના અંગે ચર્ચા વિચારણા કરી

સુરેન્દ્રનગર
પરશોત્તમ રૂપાલા વિવાદમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં અધ્યક્ષ પ્રવિણ તોગડીયાએ મહત્ત્વનું નિવેદન આપ્યું છે. રૂપાલાની ટીપ્પણી બાદ સર્જાયેલ વિવાદ અંગે જવાબ આપતા તેમણે જણાવ્યું હતું કે આ વિવાદને હવે શાંત કરવો જોઈએ.

પ્રવિણ તોગડીયાએ સુરેન્દ્રનગરમાં ચોટીલાની મુલાકાત લીધી હતી. યાત્રાધામ ચોટીલા ખાતે આજે ૯ એપ્રિલે સાંજે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં અધ્યક્ષ પ્રવિણ તોગડીયાએ તેમની ટીમ સાથે મુલાકાત લીધી હતી. આ પ્રસંગે પરિષદનાં સ્થાનિક હોદ્દેદારો, ગૌરક્ષક દ્વારા સ્વાગત આવ્યું હતું. આગેવાનો સાથે બેઠક યોજી હતી, જેમા આગામી સમયમાં ગામે-ગામ હનુમાન ચાલીસા કેન્દ્રની સ્થાપના અંગે ચર્ચા વિચારણા કરી હતી.

## રૂપાલાના વિરોધમાં અસ્મિતા અને સ્વાભિમાન સંમેલન



ભાજપના રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામેનો વિવાદ દિવસે દિવસે વધી રહ્યો છે. જેના ભાગરૂપે ૧૦ એપ્રિલને બુધવારે પાટણ ખાતે બનાસકાંઠા, મહેસાણા, પાટણ એમ ત્રણ જિલ્લાના ક્ષત્રિયોનું અસ્મિતા અને સ્વાભિમાન સંમેલન યોજાઈ રહ્યું છે. જેમાં ત્રણેય જિલ્લામાંથી અંદાજે ૫૦૦૦ જેટલા ક્ષત્રિયો એકઠા થઈને રૂપાલાનો વિરોધ કરશે. ૧૦ એપ્રિલના બુધવારે બપોરે ત્રણ કલાકે પાટણ શહેરના વાળીનાથ ચોક કેનાલ રોડ ઉપર આવેલ દાનસિંહજી જાડેજા રાજપૂત છાત્રાલય ખાતે ક્ષત્રિય અસ્મિતા અને સ્વાભિમાન સંમેલનમાં પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાનાં ક્ષત્રિય ભાઈઓ-બહેનો, માતા, વડીલો એકઠા થઈને ભાજપ અને રૂપાલા સામેનો વિરોધ ઉગ્ર બનાવશે.

# મોરબીની કોઈ કોલેજમાં કાજલના દાવા મુજબની ઘટના બની નથી

## પાટીદાર મહાસંમેલન પહેલા મોરબી DySPનો ખુલાસો

અમદાવાદ
પોતાના નિવેદનોના કારણે વિવાદમાં રહેતી કાજલ હિંદુસ્તાનીએ મોરબીની પાટીદાર દીકરીઓ અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યા બાદ ભારે ઓક્રોશ ફેલાયેલો છે. ત્યારે મોરબીમાં પાસ કાર્યકર્તા મનોજ પનારાએ પોલીસ ફરિયાદ નોંધાવી. મનોજ પનારાએ મોરબી છ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કાજલ હિંદુસ્થાની સામે ઝીરો FIR દાખલ કરી હોવાનું જણાવ્યું હતું. જે સમગ્ર વિવાદને લઇ મનોજ પનારાએ કાજલ હિંદુસ્તાની સામે જાહેરમાં માફી માગવાની પણ માગ કરી હતી. ત્યારે હવે મારબીના DySP કાજલ હિંદુસ્થાની વીડિયોમાં જે દાવો કરે છે તે ખોટો હોવાનો ગણાવ્યો છે.

મોરબીના પાટીદારની દીકરીઓના ચારિત્ર્ય વિશે કાજલ હિંદુસ્થાની બોલ્યા હતા. જે મામલે મોરબી DySPએ કહ્યું કે, મોરબીની કોઈપણ કોલેજમાં કાજલ હિંદુસ્થાનીના દાવા મુજબની ઘટના બની નથી.

# ગૌમાંસના સમોસાના રાજ્ય વ્યાપી નેટવર્કનો ઘટસ્ફોટ

## માત્ર વડોદરામાં જ વર્ષે ૮૦ લાખનું વેચાણ : સુરત અને નડિયાદમાં પણ સમોસાની ફ્રેન્ચાઈઝી, આણંદના શખ્સનું નામ પણ ખૂલ્યું

વડોદરા
છીપવાડમાં કબાબ સમોસાના નામે ગૌમાંસના સમોસા વેચવાનું કૌભાંડ ઝડપાયા બાદ એસઓજી અને પાલિકાના ફૂડ વિભાગે મંગળવારે વિવિધ વિસ્તારની ૨૩ દુકાનો-લારીઓમાં ઘનિષ્ઠ ચેકિંગ કર્યું હતું. ટીમે ૧૦ કિલો અખાદ્ય કબાબ સમોસા સહિત ૨૮૫ કિલોના જથ્થાનો નાશ કર્યો હતો. બીજી તરફ પોલીસે અત્યાર સુધી શહેરના ૬ અને ઉમરેઠ સ્થિત ભાલેજના ૧ શખ્સ મળી ૭ની ધરપકડ કરી પૂછતાછ કરતાં ગૌમાંસના સમોસાની ફ્રેન્ચાઇઝી સુરત અને નડિયાદમાં હોવાનું જણાતાં રાજ્યવ્યાપી નેટવર્કનો પર્દાફાશ થયો છે. એટલું જ નહી માત્ર શહેરમાં વર્ષે ૮૦ લાખના ગૌમાંસના સમોસાનું વેચાણ થતું હોવાની ચોંકાવનારી વિગતો પણ બહાર આવી છે.

છીપવાડ ચાબુક સવાર મહોલ્લા પાસે રહેતો શખ્સ મોહંમદ યુસુફ ફકીર મોહંમદ શેખ કબાબ સમોસાના નામે ગૌમાંસ સહિત ગૌવંશમાંથી બનાવેલા કાચા સમોસા વેચતો હોવાની બાતમી મળતાં શનિવારે ડીસીપી ઝોન-૪ની ટીમે દરોડો પાડી ૬૧ કિલો ગૌમાંસના સમોસા ઝડપ્યા હતા. પોલીસે વેપારી સહિત ૬ની ધરપકડ બાદ પૂછતાછ કરી હતી. જેમાં ભાલેજનો ઈમરાન ઉર્ફે દાહોદી યુસુફ કુરેશી સપ્લાય કરતો હોવાની કબૂલાત કરતાં તેની ધરપકડ કરાઇ હતી.

પૂછપરછમાં ટોળકી રોજના ગૌમાંસના ૫૦ કિલો કાચા સમોસા વેચતી હતી. રમઝાનમાં તો વેચાણ ૧૦૦ કિલો સુધી પહોંચતું હતું. આ સમોસા રૂ. ૪૫૦ના કિલોના ભાવે વેચતા હતા અને ઘરમાં નાની ઓરડી જેટલા ડીપ ફ્રીજમાં સ્ટોરેજ કરતા હતા. જયારે આણંદના પણ એક શખ્સની સંડોવણી ખૂલતાં ટોળકીનું રાજ્યવ્યાપી નેટવર્ક હોવાનો ઘટસ્ફોટ થયો છે.

# ગુજરાત યુનિવર્સિટી વિદેશી વિદ્યાર્થીઓને રૂપિયા ૧,૬,૯૦૦નું વળતર ચૂકવશે

અમદાવાદ,
ગુજરાત યુનિવર્સિટીમાં ૧૬ માર્ચની રાત્રે હોસ્ટેલમાં નમાઝ અદા કરવા બદલ કેટલાક વિદેશી વિદ્યાર્થીઓને માર મારવામાં આવ્યો હતો. કેમ્પસની બહારથી આવેલા કેટલાક લોકોએ વિદેશી વિદ્યાર્થીઓના હોસ્ટેલના રૂમમાં તોડફોડ પણ કરી હતી. હવે આ ઘટનામાં વિદેશી વિદ્યાર્થીઓને થયેલા નુકસાનની ભરપાઈ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બે દિવસમાં હોસ્ટેલને થયેલા નુકસાનની તપાસ કરીને વળતર ચૂકવશે. ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર નીરજા એ ગુપ્તાએ જણાવ્યું હતું કે હોસ્ટેલના એ બ્લોકમાં નમાઝ અદા કરવાને લઈને શરૂ થયેલા હંગામા પછી કેટલાક લોકો હોસ્ટેલના રૂમમાં ઘૂસી ગયા હતા અને વિદેશી વિદ્યાર્થીઓને માર માર્યો હતો. જેમાં વિદ્યાર્થીઓના વાહનો, લેપટોપ, કોમ્પ્યુટર, મોબાઈલ, એસી, મ્યુઝિક પ્લેયર અને અન્ય ઉપકરણોને નુકસાન અંગે માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ હોસ્ટેલને થયેલા નુકસાનના વળતર માટે પોલીસમાં ફરિયાદ પણ કરી હતી.

# દૂધના ભાવમાં વધારો ઝીંકાવવાની શક્યતા



## ગરમીનું પ્રમાણ વધવાના કારણે ઘટે છે દૂધનું ઉત્પાદન

અમદાવાદ,
ઉનાળાની ઋતુમાં વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધવાના કારણે દૂધનું ઉત્પાદન ઘટે છે. ચાલુ વર્ષે ઉનાળામાં પર્યાવરણ વિભાગે ગરમીથી લૂ લાગવાની સંભાવનાઓ વ્યક્ત કરી છે. જેને લઈને દૂધના ઉત્પાદનમાં વધુ ઘટાડો થવાની શક્યતાઓ જોવાઈ રહી છે. જાણકારોનું કહેવું છે કે ભયાનક ગરમી પડવાના કારણે જળાશયો સૂકાઈ જાય તેવી વકી છે. પરિણામે પશુઓ માટે પાણી સહિત ઘાસચારાની ખેંચ થઈ શકે છે. આમ આવનારા દિવસોમાં દૂધનું ઉત્પાદન ઘટે તો નવાઈ નહીં.

જો દૂધનું ઉત્પાદન ઘટે છે, તો દૂધના ભાવમાં વધારો ઝીંકાય તેવી પૂરેપૂરી શક્યતાઓ છે. દેશના જળાશયો સૂકાઈ જવાથી આ સંકટ વધુ ગંભીર બની શકે છે. ૪ એપ્રિલના આંકડાઓ અનુસાર, દેશના ૧૫૦ મોટા જળાશયોમાં પાણીનું સ્તર ૩૫ ટકા રહી ગયું છે, જે એક વર્ષ પહેલાની તુલનામાં ૧૭ ટકા ઓછું છે અને છેલ્લા ૧૦ ટકાના સરેરાશથી ૨ ટકા ઓછું છે.

મિન્ટના એક રિપોર્ટ અનુસાર, ૬.૫ ટકા ફેટ ધરાવતા દૂધની કિંમત ૫૭-૫૮ રૂપિયા છે, જે ગયા વર્ષે ૪૭-૪૮ રૂપિયા પ્રતિ લીટર હતી. જ્યારે કન્ઝ્યુમર અફેર્સ ડિપાર્ટમેન્ટના આંકડાઓ અનુસાર, ઓલ ઈન્ડિયા એવરેજ રિટેલ પ્રાઇસ ૫૭.૬ રૂપિયા પ્રતિ લીટર છે, જે એક વર્ષ પહેલાં ૫૬ રૂપિયા હતી. અંદાજ અનુસાર, વર્ષ ૨૦૨૩-૩૪માં દેશમાં દૂધનું ઉત્પાદન ૨૪થી ૨૪ કરોડ ટન રહ્યું હતું, જે એક વર્ષ પહેલાની સરખામણીમાં ૪.૫ ટકા વધુ હતું.

ભારત દૂધ ઉત્પાદનના મામલે દુનિયામાં પ્રથમ સ્થાને છે, પરંતુ પ્રતિ વ્યક્તિ વપરાશના મામલે દેશ ખૂબ જ પાછળ છે. ભારતમાં દૂધનો વપરાશ પ્રતિ વ્યક્તિ માત્ર ૮૪ કિલો છે, જયારે ફિનલેન્ડમાં ૪૩૦ કિલો છે. જાણકારોનો મત છે કે, આ ઉનાળામાં તાપમાન સરેરાશથી વધુ રહેવાની શક્યતાઓ છે. એમાં પણ મહારાષ્ટ્ર, ઓડિશા અને

# ૨૧થી ૨૩ એપ્રિલ દરમિયાન બહુચરાજી ખાતે યોજાશે ચૈત્રી પૂનમનો મેળો

## ચૈત્રી પૂનમના મેળાની પુર્વતૈયારીના ભાગરૂપે જિલ્લા કલેકટર એમ નાગરાજનના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ

મહેસાણા
બહુચરાજી ખાતે દર વર્ષે પરંપરાગત ચૈત્રી પૂનમનો મેળો યોજાય છે. આ વર્ષે પણ આ મેળો તારીખ ૨૧ એપ્રિલથી ૨૩ એપ્રિલ દરમિયાન યોજાનાર છે. આ મેળો શાંતિપુર્ણ રીતે યોજાય તેમજ શ્રધ્ધાળુઓની વ્યવસ્થા જળવાય તેવા હેતુથી વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. આ મેળાના સુચારું આયોજન માટે આજરોજ કલેકટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા કલેકટર એમ નાગરાજનના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી. બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ વિવિધ સમિતિના કન્વીનરશ્રી/ સહ કન્વીનરશ્રીઓને તેમને સોંપેલ કામગીરી અંતર્ગત જરૂરી માર્ગદર્શન/સુચના આપ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા કલેકટર એમ નાગરાજને જણાવ્યું હતું કે, જેમ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાનું મહત્વ છે, તેમ મહેસાણા જિલ્લામાં બહુચરાજીના ચૈત્રી પૂનમના મેળાનું મહત્વ રહેલું છે. વધુમાં તેમણે આ મેળામાં ચારથી પાંચ લાખ જેટલા શ્રદ્ધાળુઓ દર્શનાર્થે પધારતા હોવાથી શ્રદ્ધાળુઓને તમામ સુવિધાઓ મળી રહે તે માટે વિવિધ સમિતિના કન્વીનરશ્રીઓને આગોતરું આયોજન કરી જરૂરી વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવા તાકીદ કરી હતી.

### અનંત અંબાણીના જન્મદિવસ નિમિતે અંબાણી પરીવાર દ્વારા પ્રેરક ધર્મસેવા

# જામનગરના સુપ્રસિદ્ધ બાલા હનુમાનજી મંદિરે ભવ્ય અન્નકૂટ દર્શન યોજાયા



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : 'છોટીકાશી' કહેવાતા જામનગરમાં તળાવની પાળ પર આવેલા અખંડ રામધૂન માટે ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામનાર શ્રી બાલા હનુમાન મંદિરે ચૈત્ર સુદ એકમને મંગળવારે નૂતન સંવત્સરનાં પાવન દિને અન્નકૂટ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રિલાયન્સના અનંત અંબાણીનો આજે જન્મદિવસ હોવાથી તેને અનુલક્ષીને અંબાણી પરીવાર દ્વારા ધર્મોત્સવના દાતાની ભૂમિકા નિભાવવામાં આવી હતી. આ તકે અંબાણી પરીવાર વતી રિલાયન્સ કંપની તરફથી કેટલાક સભ્યોએ દર્શનનો લાભ પણ લીધો હતો. વિરાટ પટાંગણમાં ભગવાન સમક્ષ અનેક મિષ્ટાન - પકવાનનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. અન્નકૂટ મહોત્સવની મહાઆરતીમાં હજારોની સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતાં અને ઝાલર-નગારાનાં તાલે જય શ્રી રામનો નાદ ગૂંજી ઉઠ્યો હતો. આયોજનને સફળ બનાવવા મંદિર ટ્રસ્ટનાં પ્રમુખ જીતુભાઈ લાલ તેમજ વિનુભાઈ તન્ના સહિતનાં અન્ય ટ્રસ્ટીઓ- હોદ્દેદારો-સ્વયંસેવકો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## જામનગરમાં ચોરી કરી નાશી ગયેલ શખ્સને એમપીમાંથી ઝડપી લેવાયો

જામનગર : જામનગર શહેરમાં રાત્રિના બંધ મકાનમાંથી થયેલી ચોરીનો ભેદ એલસીબીએ ઉકેલી નાખીને એમ. પી. થી એક શખ્સને ઝડપી લઈને રોકડ અને મોબાઈલ ફોન કબ્જે કર્યા છે. જેમાં ૫ શખ્સોના નામ ખુલતા પોલીસે તેની શોધખોળ આરંભી છે.

શહેરના સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી થોડાં સમય પહેલાં બંધ મકાનમાંથી રોકડ રૂપિયા અને દાગીનાની ચોરી થઈ હતી. જે અંગેની એલસીબીએ ટેકનિકલ સેલની મદદ મેળવી એનાલિસીસ કરતા એમપીના એક શખ્સનું નામ સામે આવતા એલસીબી પીઆઈ વી. એમ. લગારિયાની સૂચનાથી પીએસઆઈ આર. કે. કરમટાએ સ્ટાફ સાથે એમ. પી. સુધી તપાસ લંબાવી હતી અન એમ. પી.ના ટાંડા જિલ્લાના કુકસી તાલુકાના જાઈ ગામના લાલુસીંગ ઈન્દરસિંગ પુલસીંગ મંડલોઈને ઝડપી લઈને જામનગર લઈ આવ્યા હતા. તેના કબ્જામાંથી રોકડ રૂા. ૩૨૦૦ તથા રૂા. ૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન મળીને રૂા. ૮૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તેની પૂછપરછ કરતાં અનિલ ગુમાનભાઈ મકવાણા, રાજુ સુમાલસિંગ પંચાલ, દીપક સુમાલસિંગ પંચાલ, પ્રભુ એ અકે અજાણ્યા શખ્સું નામ ખુલતા પોલીસે તેને ફરાર જાહેર કર્યા છે. પકડાયેલા શખ્સને સિટી સી ડિવિઝન પોલીસને સોંપી દીધો છે.

## જામનગરમાં રાજ્ય યોગ બોર્ડ સંચાલિત શ્રી ગણેશ યોગ ક્લાસીસમાં મેમોગ્રાફી ટેસ્ટ સંબંધી સેમિનાર યોજાયો

### ધારાસભ્યના સંકલ્પ અંતર્ગત પૂર્વ મેયર અમીબેન પરીખ દ્વારા મેમોગ્રાફી સંબંધીત માર્ગદર્શન અપાયું



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ટ્રેનર્સ સંચાલિત શ્રી ગણેશ યોગ ક્લાસીસમાં ગત તા. ૬.૪.૨૦૨૪ ના દિવસે મેમોગ્રાફી ટેસ્ટ અંગેનો સેમિનાર યોજાયો હતો. જેમાં જામનગરના દક્ષિણ ૭૯- વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરીના સંકલ્પ અંતર્ગત પૂર્વ મેયર અને પવન હંસના ડાયરેક્ટર અમીબેન પરીખ દ્વારા મેમોગ્રાફી સંબંધી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ વેળાએ તેઓની સાથે શહેર ભાજપના મહિલા અગ્રણી મોનિકાબેન વ્યાસ, તેમજ શ્રી ગણેશ યોગા કલાસના મુખ્ય સંચાલિકા સુમિતાબેન જોશી ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં ૨૦ થી વધુ સાધકો જોડાયા હતા. જે તમામને જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી જે મેમોગ્રાફી સંદર્ભે સંકલ્પ બદ્ધ બન્યા છે, તે સંકલ્પને આગળ ધપાવવા માટે પૂર્વ મેયર અમીબેન પરીખ દ્વારા મેમોગ્રાફી સંબંધી જરૂરી માર્ગદર્શન અપાયું હતું, અને તમામ સાધકો મેમોગ્રાફીના ચેકઅપ માટે તૈયાર થયા હતા.

## જામનગર ન. પ્રા. શિક્ષણ સમિતિના ૧૯ કર્મચારીઓને ૧૦ કરોડથી વધુ ચૂકવવા આદેશ

જામનગર : જામનગરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૧૯ પટાવાળાના કેસમાં રૂા. ૧૦ કરોડથી વધુની રકમ ચુકવી આપવા મજુર અદાલતે આદેશ કર્યો છે.

જામનગર મહાનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની કાર્યરત સ્કૂલમાં પાર્ટ ટાઈમ પટાવાળા કમ ચોકીદાર તરીકેનો વિવાદ ઔદ્યોગિક અદાલત સમક્ષ ચાલતો હતો તેમાં સંલગ્ન પાર્ટ ટાઈમ કર્મચારીઓને નિમણૂક તારીખથી કાયમી કરી કાયમી તરીકેના મળવાપાત્ર વખતો વખતના પગાર ગ્રેડ, મોંઘવારી, ઉચ્ચતર પગાર અન્ય આનુસંગિક લાભો આપવાનો હુકમ થયો હતો.

જે હુકમની સંસ્થા દ્વારા અમલવારી નહીં કરવામાં આવતા મજુર અદાલત સંઘ જામનગર દ્વારા આ ૧૯ પાર્ટ ટાઈમ પટાવાળા કમ ચોકીદારની વસુલાત અરજી મજુર અદાલત સમક્ષ કરવામાં આવી હતી. જેમાં મજુર અદાલતના ન્યાયાધીશ જે.ટી. પટેલ દ્વારા કેસની ગંભીરતાને ધ્યાને લઈ રૂા. ૧૦૨૯,૧૭,૭૫૩ અને ૩૧ પૈસાની રકમ ત્રણ માસમાં ચૂકવી આપવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને જામનગર મહાનગરપાલિકાને હુકમ કર્યો છે.

## બરડા ડૂંગરમાં દેશી દારૂની ભઠી પર પોલીસની ધોંસ



તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : દ્વારકા જિલ્લાના પોલીસવડા નિતેશકુમાર પાંડેય તથા ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિની સુચના તથા માર્ગદર્શન હેઠળ બરડા ડુંગરમાંથી પ્રોહિબિશનની પ્રવૃતિથી પ્રભાવિત વિસ્તારમાં દેશી દારૂની ભઠીઓ પર આકસ્મિક કોમ્બીંગ કરવાનું આયોજન કરી ભાણવડના પીએસઆઈ આર. એમ. સવસેટા તથા એન. એન. વાળાની સાથે ટીમ બનાવી હુમન ઈન્ટેલિજન્ટનો ઉપયોગ કરી ચેકિંગ હાથ ધર્યું હતું.

જે અનુસંધાને ભાણવડ સ્ટાફ તથા બીટના સ્ટાફ સાથે ગુપ્ત રીતે કામગીરી હાથ ધરતાં કોમ્બીંગ દરમ્યાન બરડા ડુંગરના ધામણીનેશ, વાગડીયા, નેશ, વી નેશ તથા ખોડિયાર નેશ, વનરાવન નેશ તથા સાવરકુંડલા નેશ વગેરે નેશોમાં કોમ્બીંગ કરવામાં આવ્યું હતું. આ કોમ્બીંગ દરમ્યાન બરડા ડુંગરમાં ધામણીનેશથી ઉતર દિશા બાજુ આશરે ૫૦૦ મીટર દૂર ડુંગરની ભીંતની ઝરમાંથી દેશી દારૂ બનાવવાનો આથો ૬૦૦ લીટર કિંમત રૂા. ૧૨૦૦ તથા દેશી દારૂ ૪૦ લીટર મળી કુલ રૂા. ૨૦૦૦નો મુદ્દામાલ પોલીસે રેઈડ દરમ્યાન કબ્જે લીધો છે.

આ કાર્યવાહી દરમ્યાન આરોપી સૂકા પરબત રબારી નામના શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી છે.

## સલાયા લોહાણા મહાજનવાડીમાં ચૈત્રી નવરાત્રી શરૂ



તસવીરઃ અમીત કાનાણી

સલાયા : સલાયા લોહાણા મહાજન વાડીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્રી નવરાત્રી ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી રહી છે. જેમાં સાંજે માત્ર બહેનો માતાજીની સ્તુતિ અને ગરબા કરે છે. આ નવરાત્રીના પ્રથમ દિવસે સલાયા મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડ સલાયાના સંચાલિકા ધિરજબેન પીઠડીયા દ્વારા દીપ પ્રાગટ્ય કરી નવરાત્રીની શરૂઆત કરવામાં આવી હતી.ત્યારબાદ સલાયાના હિન્દુ સમાજના બહેનોએ ભાવ પૂર્વક માતાજીની આરતી ગાઈ અને રાસ રમ્યા હતા. ગરબે રમ્યા બાદ મૂળ સલાયાના અને હાલ કિસૂમુ કેન્યા રહેતા શેઠ જયંતભાઈ બદીયાણી પરિવાર દ્વારા દરરોજ જુદા જુદા નાસ્તાનું આયોજન કરવામાં આવે છે.જેની મહા પ્રસાદીનો પણ બહેનો લાભ લિયે છે. રાત્રે પણ સલાયાના પુરુષો માત્ર દિવાના અજવાળે માતાજીના ગરબા,સ્તુતિ કરે છે. અને ચૈત્રી નવરાત્રીની ધામધૂમ પૂર્વક ઉજવણી કરે છે. આમ સલાયામાં ચૈત્રી નવરાત્રીની વિશેષ ઉજવણી કરવામાં આવે છે. આ તમામ આયોજન સલાયા લોહાણા મહાજન ના નેજા હેઠળ સલાયા જલારામ સેવા સમીતી અને વીરબાઈ માં મહિલા મંડળ દ્વારા કરવામાં આવે છે

## જામનગરમાં આઈપીએલ મેચ પર ક્રિકેટનો સટ્ટો રમનાર શખ્સ પકડાયો

જામનગર : જામનગરમાં મહાવીર પાર્ક વિસ્તારમાં આઈપીએલની ક્રિકેટ મેચ પર સટ્ટો રમનારા એક શખ્સને પોલીસે ઝડપી લઈ તેની પાસેથી મોબાઈલ ફોન કબ્જે કર્યો છે.

જામનગરમાં મહાવીર પાર્ક શેરી નંબર -૪ માં રહેતો કૃષ્ણદીપસિંહ રાજપાલસિંહ જાડેજા નામનો શખ્સ ગઈકાલે મહાપીર પાર્ક વિસ્તારમાં જાહેરમાં પોતાના મોબાઈલ ફોનમાં ડાઉનલોડ કરેલી ક્રિકેટની આઈડી મારફતે આઈપીએલની મેચ પર ક્રિકેટનો સટ્ટો રમી રહ્યો છે, તેવી બાતમી સીટી સી. ડિવિઝન પોલીસને મળી હતી. જેથી ગઈરાત્રે પોલીસે દરોડો પાડી જાહેરમાં આઈપીએલની પંજાબ ઈલેવન અને હૈદરાબાદ ઈલેવન વચ્ચેની ક્રિકેટ મેચનું લાઈવ પ્રસારણ નિહાળી ક્રિકેટના સોદાઓ પાડી રહેલા કૃષ્ણદીપસિંહ જાડેજાની અટકાયત કરી લઈ તેની પાસેથી રૂપિયા ૧૦,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન કબજે કર્યો છે.

## જામનગરનાં શ્રી સત્યનારાયણ મંદિરે યોજાયો અન્નકૂટ ઉત્સવ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : 'છોટીકાશી' કહેવાતા જામનગરમાં સત્યનારાયણ મંદિર રોડ પર આવેલ શ્રી સત્યનારાયણ ભગવાનનાં પ્રાચીન મંદિરે ચૈત્ર સુદ એકમ - હિન્દુ નૂતન વર્ષ નિમિત્તે અન્નકૂટ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્માજીએ ચૈત્ર સુદ એકમથી જ સૃષ્ટી નિર્માણ આરંભ કર્યુ હોવાથી સનાતન હિંદુ ધર્મમાં સૃષ્ટી નો શુભારંભ પણ આ જ દિનથી માનવામાં આવે છે ત્યારે વર્ષમાં પ્રથમ ભગવાને ભોગ અર્પણ કરી પછી ભક્તો ભોજન લે એ માટેની અન્નકૂટની પરંપરાને કારતક સુદ એકમની જેમ જ ચૈત્ર સુદ એકમનાં દિને પણ નિભાવવામાં આવી હતી. ભગવાન સમક્ષ નિજ મંદિરમાં વિવિધ મિષ્ટાન - પકવાનનો ભોગ અર્પણ કરવામાં આવ્યો હતો. ભક્તોએ બહોળી સંખ્યામાં અન્નકૂટ ઉત્સવનાં દર્શનનો લાભ લીધો હતો.

## કલ્યાણપુર પંથકમાં રખડતા શ્વાનનો આંતક યથાવત્

### ભોગાત અને લીંબડી ગામે વધુ એક યુવક અને બાળકને શ્વાન બચકા ભર્યા

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના રૂપામોરા ગામે તાજેતરમાં ત્રણ—ચાર કૂતરાઓએ એક બાળકી પર હુમલો કરી બચકા ભરી લેતા તેણીનું મૃત્યુ નિપજયું હતું. ત્યારે કલ્યાણપુરના ભોગાત અને લીમડી ગામે રખડતા શ્વાનોએ એક યુવક તથા બાળકને બચકા ભરી લીધાં છે.

કલ્યાણપુર તાલુકાના લીંબડી ગામે રહેતા રોહિત નામના ૨૩ વર્ષના યુવક જ્યારે ગામના મુખ્ય રોડ પરથી પસાર થઈ રહયા હતા ત્યારે અચાનક શ્વાને ધસી આવી પગના ભાગે બચકા ભરી લોહીલુહાણ કરી કરી નાખ્યો હતો.

અન્ય એક બનાવમાં ભોગાત ગામમાં ૧૩ વર્ષના બાળકને કૂતરાએ બટકા ભરી લેતા તે લોહીલુહા બની ગયો હતો. હડકાયા કૂતરાઓના ત્રાસ વધી જવાના કારણે લોકો ભયભીત બન્યા છે. લોકો જરૂર હોય તો જ ઘરની બહાર નીકળી રહયા છે. તંત્ર દ્વારા જરૂરી પગલાં લઈને આવા હડકાયા કૂતરાંઓને પકડી ગામની બહાર ધકેલે તે જરૂરી બન્યું છે. ઉનાળાના આકરા તાપના કારણે કૂતરાઓ અકળાયા હોય તેમ માણસો પણ હુમલા કરી રહયા છે.

## જામનગરમાં એક્યુપ્રેસર, સુજોક તથા મેગ્નેટ પધ્ધતિ અંગેનો એક અઠવાડિયાનો કેમ્પ

જામનગર : જામનગરના રણજીતનગર, સરદાર ચોકમાં આવેલ લેઉવા પટેલ એવા સમાજમાં તા. ૮-૪ થી તા. ૧૪-૪ સુધી એક્યુપ્રેશર, સુજોક તથા મેગ્નેટ પદ્ધતિથી સારવાર કેમ્પ યોજવામાં આવ્યો છે. જેમાં ઉપરોક્ત પદ્ધતિથી દવા વગર (હાથ-પગની નાડીઓ દબાવીને) ચીકનગુનીયા, સાંધાના જુના દુઃખાવા કમરનો દુઃખાવો, પેટના રોગ, માઈગ્રેન, પેરેલાઈસ, બીપી, સુગર, વિગેરે રોગોની સારવાર કરવામાં આવશે. આ કેમ્પ ડો. રામ મનોહર લોહીયા એક્યુપ્રેશર આરોગ્ય જીવન સંસ્થાનના નિષ્ણાત ડો. સુમનકુમાર, ડો. વિક્રમસિંહ અને રાજવિંદરસિંહ સેવા આપશે.

## જામનગરમાં પરીણિતાને ત્રાસ આપી દહેજની માંગણી કરી કાઢી મૂકી

જામનગર : જામનગરમાં ખોજા નાકા વિસ્તારમાં રહેતી એક મુસ્લિમ પરણીતાને તેણીના શ્વસુર પક્ષના સભ્યોએ દહેજના કારણે મારકુટ કરી, ત્રાસ ગુજારી ઘરમાંથી કાઢી મુક્યાની ફરિયાદ મહિલા પોલીસ મથકમાં નોંધાવાઈ છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખોજાનાકા વિસ્તારમાં રહેતી સોફિયાબેન આદિલભાઈ હમીરકા નામની ૨૩ વર્ષની મુસ્લિમ પરણીતાને તેણીના પતિ-સાસુ-સસરા વગેરેએ નાની નાની બાબતોમાં વાંક કાઢી માવતરેથી પૈસા લઈ આવવાની માંગણી સાથે ઘરમાંથી હાંકી કાઢી હતી. જેથી સોફિયાબેને જામનગરના મહિલા પોલીસ મથકમાં પોતાના દહેજ ભૂખ્યા સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે સોફિયાબેનના પતિ આદિલ હમીરકા, સસરા યુસુફ હમીરકા, અને સાસુ રૂકીયાબેન યુસુફ હમીરકા સામે સ્ત્રી અત્યાચાર ધારા તેમજ દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગર શહેર-જિલ્લામાં દારૂના સાત દરોડા

### કુલ ૨૮ બોટલ દારૂ અને ૩ બીયર સાથે ૭ શખ્સોની અટકાયત : એક ફરાર

જામનગર : જામનગર શહેર તેમજ જિલ્લામાં ચૂંટણીના માહોલ વચ્ચે પોલીસતંત્ર પણ સતર્ક બન્યું છે અને દારૂ વેચનારા અને પીનારાઓ પર તૂટી પડી છે. ત્યારે ગઈકાલે જામનગર શહેર તેમજ ઠેબા, બેડ, દરેડ અને જામજોધપુરમાં દારૂ અંગેના સાત દરોડાઓ પાડયા હતા અને ૨૮ ઈંગ્લીશ દારૂની બોટલ અને ૩ બીયરના ટીન કબ્જે કરી સાત શખ્સોની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે એકને ફરાર જાહેર કરાયો છે.

જામનગરમાં ત્રણ દરવાજા પાસે આવેલ મહેશ્વરીનગરની શેરી નંબર ૩માં રહેતો વિરાજ બુધાભાઈ સુરડીયા નામના શખ્સની ગુલાબનગર પાણીના ટાંકા પાસે અટકાયત કરી તેની તલાશી લેતા તેમના કબ્જામાંથી ઈંગ્લીશ દારૂની ૨૦ બોટલ મળી આવી હતી. આથી પોલીસે તેની ધરપકડ કરી હતી. જ્યારે દારૂ સપ્લાય કરનાર જયેશ પટેલ નામના શખ્સને ફરારી જાહેર કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત જામનગર નજીકના ધુંવાવ હાઉસિંગ બોર્ડ સામેની ગલીમાં રહેતો ઈરફાન ઈકબાલ રફાઈ નામના શખ્સની એક બોટલ સાથે અટકાયત કરી છે. જ્યારે જામનગર નજીકના મસીતિયા રોડ પર રહેતો રવિસિંહ બહાદુરસિંહ જાડેજા નામના શખ્સની ઠેબા ચોકડી પાસેથી ૩ બોટલ ઈંગ્લીશ દારૂની બોટલ સાથે ધરપકડ કરી છે. જ્યારે મોડપર ગામે ખારાવાડી વિસ્તારમાં રહેતો ગોવિંદભાઈ રામભાઈ ચંદ્રાવાડિયા નામના શખ્સની બેડ ટોલ નાકા પાસેથી બિયરના ૩ ટીન સાથે અટકાયત કરી છે. ઉપરાંત લાલપુરમાં ધરારનગર ખાતે રહેતો વિજયસિંહ નટુભા રાઠોડ નામના શખ્સની એક બોટલ સાથે અટકાયત કરવામાં આવી છે. આ ઉપરાંત જામજોધપુરમાં રહેતો જુગલ લખનભાઈ હુણ નામના શખ્સની દારૂની એક બોટલ સાથે અટકાયત કરવામાં આવી છે. આ ઉપરાંત દરેડ વિસ્તારમાં આવેલ રાંદલ માતાજીના મંદિર પાછળ રહેતો દેવીસિંઘ તેનસીંગ ખરવડ નામના શખ્સની એક બોટલ દારૂ સાથે ધરપકડ કરવામાં આવી છે.

## જામનગર જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાની ૩૪૦૦ મહિલાઓને અપાઈ સ્વરક્ષણ તાલીમ



જામનગર : જામનગર જિલ્લા પોલીસ દ્વારા શહેર જિલ્લાની ૩૪૦૦ જેટલી મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી છે જે તાલીમાર્થી બહેનોને જિલ્લા પોલીસ વડાએ અભિનંદન પાઠવ્યા છે. તાલીમાર્થીઓ પૈકી ગુ.સા. મહેતા કન્યા વિદ્યાલયની તાલીમાર્થી વિદ્યાર્થીનીઓએ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભચાઉ મુકામે ભાગ લીધો હતો, અને ત્રીજા- ચોથા ક્રમે વિજેતા થઈ જામનગરનું ગૌરવ વધાર્યું છે. ઉપરાંત ગોવામાં પણ અન્ય સ્પર્ધામાં ભાગ લીધો હતો.

જામનગરના જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત જામનગર જિલ્લાની મહિલાઓને બચાવ માટે જુડો કરાટે- હુશુની ૧૫ દિવસની તાલીમ આપવામાં આવી હતી, અને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ગુજરાત રાજ્ય સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા જામનગર જિલ્લાની ૩૪૦૦ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવા માટેનો કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ દ્વારા ગીર સોમનાથ કરાટે એસોસિએશનને આ તાલીમ આપવા માટેનો વર્ક ઓર્ડર અપાયો હતો, અને મહિલા ટ્રેનર દ્વારા ઓક્ટોબર ૨૦૨૩ થી માર્ચ -૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન જામનગર જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારની શાળા કોલેજોની- સંસ્થાઓની મહિલાઓ- બાળાઓને જુડો કરાટે- હુશુની ૧૫ દિવસની તાલીમ આપવામાં આવી હતી.

આ વિનામૂલ્ય તાલીમનો જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારની ૫૪૮ બહેનોએ લાભ લીધો હતો. ઉપરાંત સિટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના ૫૮૮ બહેનો, સિટી સી. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના ૩૮૭ બહેનો, બેડી મરીન પોલીસ સ્ટેશન હેઠળના ૧૫૮, પંચકોશી એ. ડિવિઝન હેઠળના ૬૨, પંચકોષી બી. ડિવિઝન હેઠળ ના ૧૭૪ બહેનો, કાલાવડ ગ્રામ્ય ના ૬૦ બહેનો, સિક્કા પોલીસ સ્ટેશન હેઠળના ૨૧૬, લાલપુર પોલીસ સ્ટેશન હેઠળના ૩૨૩, લાલપુર પોલીસ સ્ટેશન હેઠળના ૩૨૩, ધ્રોળ પોલીસ સ્ટેશન હેઠળના ૫૧૧ બહેનો, અને જોડિયા પોલીસ સ્ટેશન હેઠળના ૩૭૩ મળી કુલ ૩,૪૦૦ મહિલાઓએ તાલીમ મેળવી હતી.

જે તાલીમમાં ભાગ લેનાર બાળાઓ પૈકીની ગુ.સા. મહેતા વિદ્યાલયની બાળાઓએ રાજ્ય કક્ષાની ભચાઉમાં યોજાયેલી સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં ત્રીજા-ચોથા ક્રમે વિજેતા થયા હતા, ઉપરાંત ગોવા મુકામે અન્ય સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં પણ ભાગ લીધો હતો. જે તમામને એસ.પી. પ્રેમસુખ ડેલુ દ્વારા પોતાની કચેરીમાં બોલાવીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, અને તમામ બહેનોને શુભકામનાઓ પાઠવી હતી. જેથી આ તાલીમને લઈને દરેક મહિલા-બાળાઓના આત્મવિશ્વાસમાં પણ વધારો જોવા મળ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# પ્રથમ તબક્કામાંના મતદાન માટે ભારે ઉત્સાહ

જેમ જેમ ચૂંટણીનો દિવસ નજીક આવતો જાય છે તે તેમ તેમ ઉમેદવારોનો ઉચ્ચા પણ વધતો જાય છે જે લોકોને ભાજપમાંથી ટિકિટ મળી છે તેઓનો આનંદ સાતમા આસમાન પણ પહોંચ્યો છે કારણ કે આ મત તેમના નામ પર નહીં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામ પર મળશે અને પોતાનો ભવ્ય વિજય થશે એવા સુંદર સપનાઓ તેઓ અત્યારથી જોવા લાગ્યા છે બીજી બાજુ છે ને ટિકિટ નથી મળી તેવા ઉમેદવારો નારાજ થયા છે તેઓ કોંગ્રેસમાં જઈ શકે તેમ નથી કારણ કે જ્યાં જવાથી હારી જવું પડે તેમ છે પણ જે ઉમેદવારો શક્તિશાળી છે સાધન સંપતિ સજ્જુ છે તે લોકો વિપક્ષ તરીકે પણ ચૂંટણી લડી અને જીતવાનો પ્રયાસ કરશે એ પણ એટલું જ સાચું છે ૧૯ મી એપ્રિલે પહેલા તબક્કાની ૧૦૨ બેઠક પર જંગ જામશે

લોકસભાની આ વખતની ચૂંટણી સાત તબક્કામાં યોજાવાની છે. આ વખતે ભાજપ અને તેની સામે ભારત એટલે કે ઈન્ડિ ગઠબંધન મેદાને પડેલું છે. આ વખતે ભાજપે અને વિપક્ષી ગઠબંધનને સાત કોઠા વિંધીને વિજયી થવાનો મોટો પડકાર છે. ભાજપે આ વખતની ચૂંટણીમાં પહેલાં તબક્કામાં વધારેમાં વધારે બેઠકો મેળવવી જ પડશે અને તો જ સત્તાનું પૂનરાવર્તન યોગ્ય રીતે થઈ શકશે. બીજી તરફ વિપક્ષે જો દબાણ વધારવું હશે તો પહેલા તબક્કામાં તેમણે પણ વધારેમાં વધારે બેઠકો મેળવવા સોગઠા ગોઠવવા પડશે. પહેલા તબક્કામાં જ્યાં મતદાન થવાનું છે તેવા રાજસ્થાન અને ઉત્તરાખંડ એવા રાજ્યો છે જ્યાં ૨૦૧૪ અને ૨૦૧૯માં ભાજપને ૧૦૦ ટકા બેઠકો મળી હતી. હવે ૨૦૨૪માં પણ આ બંને રાજ્યોમાં ૧૦૦ ટકા બેઠકોની હેટ્રિક મારવા માટે મહેનત કરવી પડશે. બીજી તરફ બે વખતથી આ રાજ્યોમાં સત્તાથી દૂર રહેલા વિપક્ષ માટે બેઠકો પાછી મેળવવી પણ મહેનત માગી લે તેવું કામ છે. પૂર્વોત્તર ભારતમાં ગત ચૂંટણીમાં ભાજપનો દબદબો રહ્યો હતો આ વખતે તેમાં કશું પરિવર્તન આવે તેવી શક્યતા વધુ છે આવી જ રીતે કોંગ્રેસ અને વિપક્ષનો ગઢ ગણાતા દક્ષિણ ભારતમાં ભાજપનો ભોગો લહેરાઈ તેવું અત્યારે લાગી રહ્યું છે. પહેલાં તબક્કામાં ૧૭ રાજ્યો અને ૪ કેન્દ્ર શાસિત પ્રદેશોની બેઠકો ઉપર મતદાન યોજાશે

૧૯ એપ્રિલે પહેલા તબક્કાની ૧૦૨ બેઠકો ઉપર જંગ જામશે ભારતમાં યાજનારી ૨૦૨૪ની ઐતિહાસિક લોકસભા ચૂંટણીના પડઘમ વાગવા માંડ્યા છે. થોડા સમય પહેલાં જ ચૂંટણી પંચ દ્વારા દેશમાં સાત તબક્કામાં મતદાન યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમાંથી ૧૯ એપ્રિલે પહેલા તબક્કાનું મતદાન યોજાવાનું છે. આ માટે દેશની વિવિધ રાજકીય પાર્ટીઓ દ્વારા સોગઠાબાજી કરવાની શરૂઆત થઈ ગઈ છે. પહેલાં તબક્કામાં ઉમેદવારી નોંધાવાથી માંડીને સુધારાવધાર કરવાની તમામ કામગીરીઓ પૂરી થઈ ગઈ છે. આ ઉપરાંત બીજા તબક્કા પણ ઉમેદવારીના નામ નોંધાવવાની છેલ્લી તારી ૪ એપ્રિલ હતી જે પણ પૂર્ણ થઈ ગઈ છે. હવે પહેલાં તબક્કા માટે મતદાનની રાહ જોવાઈ રહી છે. માટે દેશમાં પહેલાં તબક્કામાં ૧૯ એપ્રિલે, બીજા તબક્કામાં ૨૬ એપ્રિલે, ત્રીજા તબક્કામાં ૭મી મે, ચોથા તબક્કામાં ૧૩મી મે, પાંચમા તબક્કામાં ૨૦મી મે, છઠ્ઠા તબક્કામાં ૨૫મી મે અને સાતમા તબક્કામાં ૧ જૂને મતદાન યોજાવાનું છે.

# પાકિસ્તાનમાં અદાલતે વ્યક્તિને ૮૦ કોરડા મારવાની ફટકારી સજા

## કોરડાની સજા માટે અદાલત દ્વારા નિર્દિષ્ટ કરેલા સમયે અને સ્થળે હાજર રહેશે અને ૧ લાખના જામીન બોન્ડ પણ જમા કરાવવાના રહેશે



પાડોશી દેશ પાકિસ્તાનમાં, કરાચીની એક અદાલતે એક પુરુષને તેની પત્ની પર વ્યભિચારનો ખોટો આરોપ લગાવવા અને તેના બાળકોને નકારવા બદલ ૮૦ કોરડા મારવાનીસજા ફટકારી છે. પાકિસ્તાનમાં આ પ્રકારની સજા હવે સામાન્ય રીતે આપવામાં આવતી નથી.

ડોનના અહેવાલ મુજબ, વધારાના જિલ્લા અને સત્ર ન્યાયાધીશ માલીર શહેનાઝ બોહ્યોએ આરોપી ફરીદ કાદિરને ઓછામાં ઓછા ૮૦ કોરડા મારવાની સજા સંભળાવી છે. આ વિવાદાસ્પદ નિર્ણય કઝફ ઓફેન્સીસ (એન્ફોર્સમેન્ટ ઓફ લિમિટેશન) ઓર્ડિનન્સ, ૧૯૭૯ની કલમ ૭(૧) હેઠળ લેવામાં આવ્યો છે, જેમાં લખવામાં આવ્યું છે કે, જે કોઈ કઝફ માટે જવાબદાર છે તેને ૮૦ કોરડા મારવાની સજા કરવામાં આવશે. ન્યાયાધીશે પોતાના ચુકાદામાં લખ્યું છે કે, "તે એકદમ સ્પષ્ટ છે કે આરોપી જૂઠો છે અને તેણે ફરિયાદી પર તેની પુત્રીના સંબંધમાં વ્યભિચારનો આરોપ મૂક્યો હતો. તેથી તેને કઝફ ઓર્ડિનન્સ ૧૯૭૯ની કલમ ૭ (૦૧) હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો છે અને તેને ૮૦ કોરડા મારવાની સજા આપવામાં આવી છે."

ન્યાયાધીશના ચુકાદામાં એમ પણ જણાવવામાં

### કરંટ ટોપિક

આવ્યું છે કે આરોપીને માત્ર કોરડા મારવાની સજા કરવામાં આવી છે, તેથી, તેણે આ શરતને આધીન જામીન પર રહેવું જોઈએ કે તે કોરડાની સજા લાદવા માટે આ અદાલત દ્વારા નિર્દિષ્ટ કરેલા સમયે અને સ્થળે હાજર રહેશે. અને ૧ લાખના જામીન બોન્ડ પણ જમા કરાવવાના રહેશે. કોર્ટે એ પણ ચુકાદો આપ્યો હતો કે દોષિત ઠેરવ્યા પછી, ફરીદ કાદિર દ્વારા પૂરા પાડવામાં આવેલ પુરાવા કોઈપણ કોર્ટમાં માન્ય રહેશે નહીં.

કેસની વિગતો મુજબ, ફરીદ કાદિર (દોષિત)ની પૂર્વ પત્નીએ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે તેના લગ્ન ફેબ્રુઆરી ૨૦૧૫માં થયા હતા અને તે ઓછામાં ઓછા એક મહિનાથી ફરીદ સાથે રહેતી હતી. ડિસેમ્બર ૨૦૧૫માં ફરીદની પત્નીએ એક બાળકીને જન્મ આપ્યો. ફરીદની ભૂતપૂર્વ પત્નીએ કહ્યું, "મારો પતિ (ફરીદ) ભરણપોષણ ચૂકવવા આવ્યો ન હતો અથવા તો મને અને અમારી નવજાત પુત્રીને તેના ઘરે પાછો લઈ ગયો. મેં ફેમિલી કોર્ટમાં કેસ કર્યો અને આદેશ મારી તરફેણમાં આવ્યો. કોર્ટે ફરીદને મારી અને પુત્રીના ભરણપોષણની વ્યવસ્થા કરવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ મારા પતિએ કોર્ટની કાર્યવાહી દરમિયાન કોર્ટમાં બે અરજીઓ રજૂ કરી હતી, જેમાં બાળક માટે ડીએનએ ટેસ્ટની માંગણી કરવામાં આવી હતી અને તેની પુત્રીને નામંજૂર કરવામાં આવી હતી. આ અરજીઓ બાદમાં ફરીદ દ્વારા પાછી ખેંચી લેવામાં આવી હતી.

બીજી તરફ આરોપી ફરીદે તેની પૂર્વ પત્ની દ્વારા લગાવવામાં આવેલા આરોપોને નકારી કાઢતા કહ્યું કે તેની પત્નીએ તેની સાથે માત્ર છ કલાક વિતાવ્યા હતા. ફરીદે કહ્યું, "હું અને મારી પત્ની માત્ર છ કલાક જ સાથે રહ્યા. પછી તે ઘરે ગયો અને ક્યારેય પાછો આવ્યો નહીં. પાકિસ્તાની કાયદા હેઠળ, આ કેસમાં અલગ સજા આપી શકાઈ હોત, પરંતુ દોષિતને ૮૦ કોરડા મારવાની સજા ફટકારવામાં આવી હતી. આ એક એવી સજા છે જે ૭૦ના દશકના ઝિયા ઉલ હકના યુગ પછી જોવામાં આવી નથી. ફરિયાદી સાયરા બાનુએ કહ્યું, "વકીલ તરીકેની મારી ૧૪ વર્ષની સેવા દરમિયાન, મેં કાફ ઓર્ડિનન્સની કલમ ૭ હેઠળ કોરડા મારવાની કોઈ સજા જોઈ નથી." "આ કોરડા મારવાની સજા દાયકાઓમાં શારીરિક સજાના સ્વરૂપમાં તેના પ્રકારની પ્રથમ ઘટના હોઈ શકે છે.

# વિશ્વભરના MBAના વિદ્યાર્થીઓ AI શીખવા ભારત આવી રહ્યા છે

## STEM પ્રમાણિત કાર્યક્રમો માટેની પસંદગી ૨૦૧૯ માં ૪૩% થી વધીને ૨૦૨૩ માં ૫૭% અને ચીનમાં ૩૫% થી વધીને ૫૧% થઈ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આજે રોજિંદા જીવનમાં ચર્ચાનો વિષય બની ગયો છે. ભવિષ્યમાં AIની અસરોને લઈને દુનિયા બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. એક વર્ગ કહે છે કે તે લાખો નોકરીઓ ગળી જશે, જ્યારે બીજો વર્ગ કમ્પ્યુટર ક્રાંતિનું ઉદાહરણ આપીને પ્રથમ દાવાને ફગાવી દે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે AIને કારણે, એક નવા કૌશલ્ય સમૂહની જરૂર પડશે અને વિશ્વભરના લોકોને બે રીતે ઓળખવામાં આવશે – જેઓ AI ફ્રેન્ડલી છે અને જેઓ AIના સંપર્કમાં આવ્યા નથી.

AI હવે વિશ્વભરના ૪૦% માસ્ટર્સ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (MBA) વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમાંથી એક મોટો હિસ્સો ભારતમાં મેનેજમેન્ટ સંસ્થાઓ તરફ વળે છે, ખાસ કરીને AI માં નિપુણતા મેળવવાના ઉદ્દેશ્ય સાથે. તેમનો એક ભાગ ચીન તરફ પણ આકર્ષાઈ રહ્યો છે. આંકડા દર્શાવે છે કે ભારતીય સંસ્થાઓમાંથી MBA કરવા ઈચ્છુક ઉમેદવારોમાંથી ૫૭ ટકા AI માં સ્નાતક થવા ઈચ્છે છે, જ્યારે ચીનમાં આ આંકડો ૫૧% છે.

GMAC (ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન કાઉન્સિલ)ના 'પ્રોસ્પેક્ટિવ સ્ટુડન્ટ્સ સર્વે ૨૦૨૪' રિપોર્ટમાં આ બાબતો સામે આવી છે. સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે મેનેજમેન્ટનો અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ જનરેટિવ છૈં જેવી પરિવર્તનશીલ તકનીકો તરફ વધુને વધુ આકર્ષિત થઈ રહ્યા છે, જેમાં વાર્ષિક ૩૮% નો નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. આવા મોટા ભાગના વિદ્યાર્થીઓ માને છે કે AI વિના તેમના અભ્યાસનું બહુ મહત્વ નથી. વધુમાં, STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ) પ્રમાણિત બિઝનેસ પ્રોગ્રામ્સમાં વૈશ્વિક રસમાં સમાંતર વધારો થયો છે. ખાસ કરીને એશિયામાં ભારત અને ચીનમાં વધતી માંગને કારણે છેલ્લા પાંચ વર્ષમાં ૩૮% ની વૃદ્ધિ નોંધાવી રહ્યું છે.

નોંધનીય છે કે, ભારતમાં ઉમેદવારોમાં જીઈસ્પ્રમાણિત કાર્યક્રમો માટેની પસંદગી ૨૦૧૯ માં ૪૩% થી વધીને ૨૦૨૩ માં ૫૭% અને ચીનમાં ૩૫% થી વધીને ૫૧% થઈ ગઈ છે.

### વિશેષ

સર્વેક્ષણ દર્શાવે છે કે યુ.એસ. (૭૭%) અને પશ્ચિમ યુરોપ (૬૩%) વિશ્વની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી એમબીએની ડિગ્રી મેળવવા માંગતા ભારતીયો માટે આકર્ષણનું કેન્દ્ર રહે છે, જ્યારે મધ્ય અને દક્ષિણ એશિયામાં ઓછા ખર્ચે ડિગ્રી પસંદ કરતા લોકો. (૫૫%) પસંદગીના સ્થળો છે. સર્વે મુજબ, આ પ્રદેશમાં ગુણવત્તાયુક્ત સંસ્થાઓની પરવડે તેવી ક્ષમતા અને આવી સંસ્થાઓની સંખ્યામાં વધારો વિશ્વભરના વિદ્યાર્થીઓને આકર્ષે છે. ઉદાહરણ તરીકે, મોટાભાગના ભારતીય વિદ્યાર્થીઓ સ્થાનિક સંસ્થાઓમાં અરજી કરવાનું વિચારી રહ્યા છે, જે ૨૦૨૨ માં ૪૧% થી વધીને ૨૦૨૩ માં ૫૩% થઈ જશે.

# શું 'ઓમ' ના આકારમાં છે કૈલાશ પર્વત?

## પર્વત પર બરફ પડવાને કારણે ઓમનો આકાર બને છે. તેથી જ આ પર્વતને ઓમ પર્વત કહેવાય છે. એવું પણ કહેવાય છે કે ઓમ પર્વત પર ઓમનો અવાજ સંભળાય છે

કૈલાશ પર્વત તિબેટમાં સ્થિત એક પર્વતમાળા છે. તેની પશ્ચિમ અને દક્ષિણમાં માનસરોવર અને રક્ષાસ્થલ સરોવરો છે. બ્રહ્મપુત્રા, સિંધુ, સતલજ વગેરે જેવી ઘણી મહત્વપૂર્ણ નદીઓ અહીંથી નીકળે છે. હિંદુ સનાતન ધર્મમાં તેને પવિત્ર માનવામાં આવે છે. આ તીર્થને અષ્ટપદ, ગણપર્વત અને રજતગીરી પણ કહેવામાં આવે છે. કૈલાશનું ૬,૬૩૮ મીટર (૨૧,૭૭૮ ફૂટ) ઊંચું બરફથી ઢંકાયેલું શિખર અને તેની બાજુમાં આવેલ માનસરોવર સરોવર એક તીર્થસ્થાન છે. આ પ્રદેશને માનસખંડ પણ કહેવામાં આવે છે.


કૈલાશ એ સૌથી પવિત્ર પર્વતોમાંનું એક છે, જે બૌદ્ધ, જૈન, હિંદુ અને તિબેટીયન ધર્મોના અનુયાયીઓ માટે એક મહત્વપૂર્ણ તીર્થસ્થાન છે. આ ધર્મના લોકો કૈલાસને પવિત્ર માને છે અને તેની પૂજા કરે છે. હિન્દુ ધર્મ અને ધાર્મિક પુસ્તકો અનુસાર, કૈલાશ પર્વત ભગવાન શિવ અને માતા પાર્વતીનું ઘર હતું. એવું માનવામાં આવે છે કે આજે

આભાર - નિહારીકા રવિયા પણ ભગવાન શિવ અને તેમનો પરિવાર ત્યાં રહે છે. આજદિન સુધી તેના કોઈ નક્કર પુરાવા મળ્યા નથી કારણ કે ત્યાં સુધી પહોંચવામાં કોઈને સફળતા મળી નથી. કૈલાશ પર્વત વિશ્વનો સૌથી ઊંચો પર્વત નથી તેમ છતાં પણ આજ સુધી અજેય છે. ત્યાં સુધી પહોંચવામાં કોઈને સફળતા મળી નથી. મોટા પર્વતારોહકોએ પ્રયાસ કર્યો પરંતુ અંતે તેમને હાર સ્વીકારવી પડી છે.

હિમાલયમાં આવેલો માઉન્ટ એવરેસ્ટ વિશ્વનો સૌથી ઊંચો પર્વત ગણાય છે. તેની ઉંચાઇ ૮૮૪૯ મીટર છે. અત્યાર સુધીમાં હજારો લોકો માઉન્ટ એવરેસ્ટ ચઢી ચૂક્યા છે. કૈલાશ પર્વતની ઊંચાઇ ૬૬૩૮ મીટર છે. પરંતુ તેમ છતાં હજુ સુધી કોઈ કૈલાશ પર્વત પર ચઢી શક્યું નથી. આ પર્વત વિશે એવી માન્યતા પ્રચલિત છે કે તેનો આકાર 'ઓમ' છે. જોકે, હકીકત એ છે કે કૈલાશ પર્વત પહેલા ઓમ પર્વત આવે છે. જ્યારે ખૂબ દૂરથી જોવામાં આવે તો આ પર્વત પર ઓમનો આકાર દેખાય છે. પર્વત પર બરફ પડવાને કારણે ઓમનો આકાર બને છે. તેથી જ આ પર્વતને ઓમ પર્વત કહેવાય છે. એવું પણ કહેવાય છે કે ઓમ પર્વત પર ઓમનો અવાજ સંભળાય છે. જોકે, વૈજ્ઞાનિકો એમ માને છે કે આ બરફના લપસવાથી ઉત્પન્ન થતો અવાજ છે. ઘણા લોકોએ એવી અનુભૂતિ કરી છે કે કૈલાશ ગયા પછી તેઓ ચોક્કસપણે એક અલગ ઊર્જા અનુભવે છે.

# એર બોર્ન વિન્ડ એનર્જીથી સમુદ્રી જહાજો ચાલશે

## જર્મનીમાં સમુદ્રની જહાજને ચલાવવા માટે એર બોર્ન વિન્ડ એનર્જીનો ઉપયોગ સફળતાપૂર્વક હાલમાં થઈ રહ્યો છે આકાશમાં ખૂબ ઊંચે ઉડતા પતંગ દ્વારા આ જહાજ સમુદ્રની સપાટી ઉપર સહેલાઈથી ઝડપથી ચાલી રહ્યા છે તેની અનોખી માહિતી પ્રસ્તુત છે



વિજ્ઞાન અને ટેકનોલોજી ના વિકાસ ની સાથો સાથ દુનિયાનું પર્યાવરણ વધુને વધુ બગડી રહ્યું છે વાયુ પ્રદુષણ જળ પ્રદૂષણ સહિતના પ્રદૂષણના અનેક નવા રૂપો સામે આવતા જાય છે ત્યારે સૌથી મોટું પ્રદૂષણ ઓટોમોબાઇલ સમુદ્રી જહાજો અને ઇન્ડસ્ટ્રીઝ દ્વારા થઈ રહ્યું છે જેને અટકાવવા માટે વિશ્વભરના વૈજ્ઞાનિકો સંશોધક સંશોધકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે ત્યારે જર્મનીની સ્કાઈ સેલ્સ ગ્રુપ નામની સંસ્થાએ કાર્ગો જહાજો યાત્સ અને માછીમારોને લગતા જહાજોને પવન ઊર્જાથી ચલાવવા માટેના આધુનિક પ્રયોગો હાથ ધર્યા છે આ માટે એનર્જી સિસ્ટમની નવી ટેકનોલોજી વિકસિત કરી છે

સાદા શબ્દોમાં કહીએ તો આકાશમાં ખૂબ જ ઊંચે મજબૂત દોરીથી એક વિરાટ કદનો પતંગ ચડાવવામાં આવે છે અને આ પતંગ પવનની દિશા પ્રમાણે જહાજને ખેંચે છે અહીં પતંગની દિશા ને બદલાવા માટે અત્યંત આધુનિક ટેકનોલોજી નો ઉપયોગ થઈ રહ્યો છે જેથી જહાજને યોગ્ય દિશાની અંદર મોડી શકાય છે

પતંગથી તો આખું જહાજ ચાલે, જોઈ લો આ તસવીર. વિશ્વની અંદર જર્મનીની એક કંપની કે જેનું નામ સ્કાય સેલ્સ ગ્રુપ છે તે ૨૦૦૧ થી એર બોર્નવિન્ડ એનર્જી થી માલવાહક જહાજો ને ચલાવવાના પ્રયોગો કરે છે આજે બે દાયકા પછી આ કંપનીને સારા પ્રમાણમાં સફળતા મળી છે આજે પ્રાયોગિક ધોરણે એર બોર્નવિન્ડ એનર્જી થી જહાજો ચાલતા થયા છે પરંતુ આમાં કેટલીક ટેકનીકલ મુશ્કેલીઓ પણ આવી રહી છે જેને નિવારવા માટે વૈજ્ઞાનિકોને સંશોધકો દિવસ રાત જહેમત ઉઠાવે છે જર્મનીના વૈજ્ઞાનિકોને પ્રેરણા પ્રાચીન ભારતના ગ્રંથોમાંથી મળે છે

અતિ પ્રાચીન સમયમાં સિંધુ ખીણની સંસ્કૃતિ વખતે પણ ભારતના લોકો દરિયાઈ માર્ગે વેપાર કરતા હતા જેના પુરાતત્વીય ઔષધો લોથલમાંથી મળ્યા છે અહીં એક સમુદ્રી બંદર પણ ઉત્ખલન દ્વારા ધરતીની સપાટી પર આવ્યુ છે અહીં એક સમયે સિંધુ નદીનું મુખ હતું અને મોટા પ્રમાણમાં જલ પ્રવાહ વહેતો હતો સરસ્વતી નદીની એક શાખા અહીં પણ નીકળતી હતી આ નહેર મારફતે લોથલ સુધી જહાજો આવતા આ જહાજો પવન ઊર્જાથી ચાલતા જહાજો હતા આથી ૧૦૦ સવા સો વર્ષ પહેલા મોટાભાગના સમુદ્રી જહાજો શઢ થી ચાલતા.

### આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

આવા જહાજોનું નિર્માણ કચ્છના માંડવી ખાતે થતું હતું જે આજની તારીખે પણ ચાલુ છે કચ્છના માંડવી ખાતે લાકડાના જહાજો બનાવવાના જહાજ નિર્માણના વાડાઓ છે જ્યાં કુશળકારીગરો લાકડાને છોલીને તેમાંથી મોટા જહાજો પણ બનાવે છે માંડવીની જેમ જ ભાવનગરના ઘોઘા ભરૂચ અને સુરત ખાતે પણ લાકડાના શઢ વાળા જહાજો બનાવવાના જહાજ વાડા હતા. આજે અન્ય કેન્દ્રમાં જહાજો બનવાના બંધ થઈ ગયા છે પરંતુ માંડવીમાં આજે પણ લાકડાના શઢ વાળા જહાજો બનાવવાનું કામ ધંધોકાર ચાલી રહ્યું છે.

તેમાં આધુનિકતા પણ આવી ચૂકી છે આવા જહાજમાં વચ્ચોવચ એ ઊંચો થાંભલો હોય છે જેને કુવા સ્તંભ કહેવામાં આવે છે આ કુવા સ્તંભ સાથે દોરડાથી કાપડના જાડા શઢ બનાવવામાં આવે છે મોટાભાગે તે ત્રિકોણ આકારના હોય છે આવા સિંગલ શઢ વાળા અને એક કરતા વધુ શઢ વાળા જહાજો પણ માંડવીમાં એક સમયે બનતા હતા. આવા જહાજો બનવામાં આરબોની મોનોપોલી હતી તેઓ એક કરતા વધુ શઢ વાળા જહાજો બનાવતા આ શઢ ને દોરી ખેંચીને અલગ અલગ એંગલ થી ફેરવવામાં આવતા જહાજની દિશા બદલાઈ છે આવા જહાજ દરિયાઈ ની ભરતી સામે તથા પવનની સામે પણ ચાલી શકતા હતા જે તે સમયે જ નહીં આજે પણ એક આશ્ચર્યનો વિષય છે આ જહાજ બે રીતે કંટ્રોલ થતા હતા એક તો શઢની દિશા એટલે કે એંગલ ફેરવવામાં આવતો હતો અને બીજું જહાજનું સુકાન ફેરવવામાં આવતું હતું આના કારણે જહાજની દિશા બદલાઈ જતી હતી

આજે જર્મનીમાં જે એર બોર્નવિન્ડ એનર્જી થી જહાજો ચાલે છે તેમાં આ જ સિસ્ટમ છે પરંતુ તેમાં ખૂબ ઊંચે એક વિરાટ કદના મજબૂત પતંગને ચડાવવામાં આવે છે અને આ પતંગને નીચેથી કંટ્રોલ કરવામાં આવે છે જેથી તે પોતાની દિશા ફેરવે છે અને આના કારણે જહાજની દિશા પણ બદલાઈ જાય છે જર્મની ની અંદર આ માટેના નિષ્ણાતો કાર્ય કરી રહ્યા છે નજીકના ભવિષ્યમાં ભારત પણ આ પ્રકારના જહાજોનું નિર્માણ શરૂ કરે તે શક્યતા નિવારી શકાય નહીં આ જહાજ આધુનિક હોય છે તેમાં ડીઝલ એન્જિન હોતું નથી પરંતુ આકાશમાં ઉડતા વિરાટ કદના પતંગો હોય છે જે જહાજને ગતિ આપે છે

આ જહાજમાં એક બીજી અન્ય સિસ્ટમ પણ જર્મનીના વૈજ્ઞાનિકો દ્વારા કાર્યરત કરવામાં આવી છે જેમાં આકાશમાં ખૂબ ઊંચે ઉડી રહેલા પતંગને કારણે વિંડ એનર્જી ઉત્પન્ન થાય છે આ એનર્જી વાયર દ્વારા જહાજમાં પણ આવે છે અને તેનો ઉપયોગ જહાજની મોટરને ચલાવવામાં આવે છે આ મોટર સાથે પ્રોપેલર જોડેલું હોય છે જેવી રીતે ઈલેક્ટ્રિક ટ્રેનમાં મોટર દ્વારા રેલવેનું એન્જિન ચાલે છે તેવી જ રીતે અહીં ટ્રેનના પૈડા ની જગ્યાએ જહાજનું પ્રોપેલર એટલે પંખો ચાલે છે અને જહાજને ગતિ મળે છે

જર્મનીમાં સંશોધન કરતી આ કંપનીની સ્કાયસેલ્સ ગ્રૂપની સ્થાપના ૨૦૦૧માં જર્મનીમાં હેમ્બર્ગમાં થઈ. આ કંપની કાર્ગો જહાજો, યાટ્સ, માછીમારોને લગતા જહાજોને ઊંચાઈએ ફૂંકાતા પવનોમાંથી વીજળીના ઉત્પાદન માટે એરબોર્ન વિન્ડ એનર્જી સિસ્ટમને આગળ વધારવા માટે પતંગો વેચે છે. સરળ શબ્દોમાં કહીએ તો એન્જિનિયરિંગ વિજ્ઞાનની એવી શૈલી છે જે સમુદ્રી જળમાં કોઈ પણ જહાજને ચલાવવા સ્કાયસેલ્સ માટે પવન ઊર્જાનો સૌથી વધુ ઉપયોગ કરે છે. સ્કાયસેલ્સ ટેકનિક પતંગને ૧૦૦ મીટરથી ૩૦૦ મીટર વચ્ચેની ઊંચાઈ સુધી પહોંચાડે છે.

# હૈદરાબાદની થઈ જીત : શશાંક અને આશુતોષનો ફાળો મહત્વનો



## ભુવીને બે વિકેટ : નીતીશની ફિફ્ટી

મુંબઈ,

સનરાઈઝર્સ હૈદરાબાદએ ઈન્ડિયન પ્રીમિયર લીગ૨૦૨૪માં તેની ત્રીજી જીત હાંસલ કરી છે. ટીમે વર્તમાન સિઝનની ૨૩મી મેચમાં પંજાબ કિંગ્સને ૨ રનથી હરાવ્યું હતું.

મંગળવારે મોહાલીના મહારાજા યાદવેન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં પંજાબના કેપ્ટન શિખર ધવને ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું. પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૮૨ રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબની ટીમ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૮૦ રન જ બનાવી શકી હતી.SRHના નીતિશ કુમાર રેડ્ડીએ ૩૭ બોલમાં ૬૪ રનની ઈનિંગ રમી હતી. તેણે IPLમાં પોતાની પ્રથમ ફિફ્ટી ફટકારી હતી. અબ્દુલ સમદે ૨૫ રન બનાવ્યા હતા.

# આઈપીએલ ૨૦૨૪ના પોઈન્ટ ટેબલમાં મોટો ફેરફાર

## મુંબઈ ઈન્ડિયન્સની પહેલી જીત બાદ ૨ ટીમોને નુકસાન થયું



મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪માં રવિવારના દિવસે ડબલ હેડર મેચ રમાઈ હતી. પહેલી મેચ મુંબઈ ઈન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ હતી. બીજી મેચ લખનૌ સુપર જાયન્ટસ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાઈ હતી. ડબલ હેડર મેચની પહેલી મેચમાં મુંબઈએ જીત મેળવી હતી. તો બીજી મેચ લખનૌ સુપર જાયન્ટસની ટીમના નામે રહી હતી. આ બંન્ને મેચ બાદ પોઈન્ટ ટેબલમાં મોટો ફેરફાર જોવા મળ્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સને આઈપીએલ ૨૦૨૪ની પહેલી જીત મળી ગઈ છે. આ જીતની સાથે પોઈન્ટ ટેબલમાં પણ ફાયદો થયો છે. આ મેચ પહેલા મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ૧૦માં સ્થાન પર હતી, પરંતુ હવે ૨ પોઈન્ટની સાથે ૮માં સ્થાન પર આવી ગઈ છે. આ મેચમાંથી મળેલી હાર બાદ દિલ્હી કેપિટલ્સને નુકસાન થયું છે. દિલ્હીની સાથે સાથે આરસીબીની ટીમને પણ મોટું નુકસાન થયું છે. દિલ્હી કેપિટલ્સની ટીમે આ સીઝનમાં અત્યારસુધી ૫ મેચ રમી છે. જેમાં તે માત્ર એક મેચ જીતી શકી છે અને ૪ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. ચોથી હાર બાદ તે ૧૦માં સ્થાને આવી ગઈ છે. આ મેચ પહેલા તે ૯માં સ્થાને હતી. આરસીબીની ટીમ હવે ૯માં સ્થાને પહોંચી ગઈ છે.

# રાજસ્થાનના અલવરમાં પત્નીના રીલ બનાવવાથી દુ:ખી સરકારી કર્મચારીનો આપઘાત

**રીલ પર અશ્લિલ કોમેન્ટ પતિને બિલકુલ પસંદ ન હતી**

અલવર,

મહિલાને સોશિયલ મિડીયા પર રીલ બનાવવાનો શોખ હતો. ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર રીલ બનાવીને તે રાખતી ત્યારે લોકો અશ્લિલ કોમેન્ટ કરતા હતા. પત્નીના રીલ પર અશ્લિલ કોમેન્ટ પતિને બિલકુલ પસંદ ન હતી. જેને કારણે પતિ પત્ની વચ્ચે વિવાદ શરૂ થયો હતો. અંતે પરેશાન પતિએ આપઘાત કરી લીધો હતો.

રાજસ્થાનના અલવરમાં આ કરૂણ બનાવ બન્યો હતો. પતિએ ઘણીવાર પત્નીને રીલ ન બનાવવા કહ્યું હતું પરંતુ પત્ની માનતી ન હતી. જેને પગલે બન્ને વચ્ચે જોરદાર ઝઘડો થતા પત્ની રિસાઈને પિયર જતી રહી હતી. અંતે પરેશાન પતિએ આત્મહત્યા કરી લીધી. આપઘાત કરતા પહેલા યુવકે સોશિયલ મિડીયા પર લાઈવ થઈને અશ્લિલ કોમેન્ટ કરનારા લોકોને જવાબ પણ આપ્યો હતો. પરિવારમાં આ બાબતને લઈને થતા ઝઘડા ગે પણ કહ્યું હતું.

રૈણી થાણા વિસ્તારના નાંગલબાસ ગામમાં રહેતા સિધ્ધાર્થ દૌસા સ્વાસ્થય વિભાગમાં એલડીસી પદે ફરજ બજાવતો હતો. દોઢ વર્ષ પહેલા પિતાની જગ્યાએ તેને નોકરી મળી હતી. સિધ્ધાર્થના માયા નામની યુવતી સાથે લગ્ન થયા હતા. ૫ એપ્રિલે સિધ્ધાર્થે આપઘાત કરતા તેના પરિવારજનોએ ૬ એપ્રિલના રોજ એફઆઈઆર દાખલ કરાવી હતી.

માયાને સોશિયલ મિડીયા પર રીલ બનાવવાનો શોખ હતો. તે સોશિયલ મિડીયા પર રીલ બનાવીને મુકતી હતી. જેમાં અશ્લિલ કોમેન્ટને કારણે સિધ્ધાર્થ પરેશાન હતો. જેને કારણે બન્ને વચ્ચે ઝઘડા થતા હતા. દંપત્તીને ત્રણ દિકરી અને એક દિકરો છો.

સિધ્ધાર્થે માયાને રીલ બનાવવા મનાઈ કરી તો તેમની વચ્ચે ઝઘડો થયો. અંતે માયા પિયર ચાલી ગઈ હતી. જેમાં માયાએ સિધ્ધાર્થ પર આરોપ લગાવીને પોલીસમાં ફરિયાદ કરી હતી. કહેવાય છે કે સિધ્ધાર્થને દારૂની લત લાગી ગઈ હતી. જેને કારણે પણ બન્ને વચ્ચે ઝઘડા થતા હતા.

આત્મહત્યા કરતા પહેલા સિધ્ધાર્થ ઓનલાઈન આવ્યો હતો. તેણે કહ્યું કે તે પણ વિડીયો જોઈ રહી છે. સાંભળી લે , તુ છુટાછેડા લઈ લે. ચાર બાળકો મારી પાસે રહેશે. રતિરામ કોણ છે, હું તારો પતિ છું. હું કહીશ તે થશે.

# નેપાળી આર્મી હિમાલયમાંથી માનવસર્જિત કચરો સાફ કરશે



કાઠમાંડૂ,

નેપાળી આર્મી પર્વત સફાઈ અભિયાન ૨૦૨૪ હેઠળ માઉન્ટ એવરેસ્ટ પર પડેલો લગભગ ૧૦ ટન કચરો અને પાંચ મૃતદેહો એકત્ર કરશે. મેજર આદિત્ય કાર્કીના નેતૃત્વમાં ૧૨ સભ્યોની ટીમ ૧૪ એપ્રિલે એવરેસ્ટ બેઝ કેમ્પ માટે માઉન્ટ એવરેસ્ટ, માઉન્ટ લોત્સે અને માઉન્ટ નુપ્ત્સેથી કચરો એકત્રિત કરવા માટે રવાના થશે. ૧૮ સભ્યોની શેરપા ટીમ સફાઈ કામગીરીમાં સેનાને મદદ કરશે.

નેપાળી સેનાના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ કૃષ્ણ પ્રસાદ ભંડારીએ રવિવારે કહ્યું કે આર્મી ચીફ જનરલ પ્રભુરામ શર્મા ૧૧ એપ્રિલે કાઠમંડુમાં ટીમને ફ્લેગ ઓફ કરશે. બાયોડિગ્રેડેબલ કચરો બેઝ કેમ્પની નીચે નમચે બજારમાં લાવવામાં આવશે. તેને યોગ્ય સારવાર માટે સાગરમાથા પ્રદૂષણ નિયંત્રણ સમિતિને સોંપવામાં આવશે. બિન-બાયોડિગ્રેડેબલ કચરો અને મૃતદેહો કાઠમંડુ લાવવામાં આવશે.

# ઈંગ્લેન્ડની રહેવાસી ૧૮ વર્ષની મિલી મેકનેશને એવી બીમારી છે કે જાણે તે જીવતી હોવા છતાં મરી ગઈ હોય તેવું લાગે છે

ઈંગ્લેન્ડ,

આ દુનિયામાં ઘણી એવી બીમારીઓ છે, જે ખૂબ જ દુર્લભ છે અને તેમને જોયા પછી માણસોને તો છોડી દો, ડૉક્ટરો પણ એક ક્ષણ માટે ડરી જાય છે. આ વિશે જાણ્યા પછી, તમે પણ વિચારવા લાગશો કે શું આવી તબીબી સ્થિતિ પણ થઈ શકે છે? ભલે દુનિયામાં બહુ ઓછા લોકો આ રોગથી પીડાય છે, પરંતુ તેના વિશે જાણ્યા પછી, તમે પણ વિચારવા લાગશો કે શું આવી તબીબી સ્થિતિ પણ થઈ શકે છે. આવી જ એક બીમારી આજકાલ લોકોમાં ચર્ચામાં છે. એક અંગ્રેજી વેબસાઈટમાં છપાયેલા અહેવાલ મુજબ ઈંગ્લેન્ડની રહેવાસી ૧૮ વર્ષની મિલી મેકેન્શ પણ આવી જ બીમારીથી પીડિત છે. આ છોકરીને એવી દુર્લભ બીમારી છે, જેના કારણે તે ન તો રડી શકે છે અને ન તો બોલી શકે છે. હાલત એવી છે કે તે ચાલી પણ શકતો નથી. પોતે પણ કંઈ ખાઈ-પી શકતો નથી. તેને દરેક ક્ષણે એક જ ભય સતાવે છે કે તે હવે ગમે ત્યારે મરી શકે છે. પરિસ્થિતિ એવી છે કે સીટીનો અવાજ પણ છોકરીને બોમ્બ વિસ્ફોટ જેવો લાગે છે. શરૂઆતમાં પરિવારના સભ્યોએ ડોક્ટરની સલાહ લીધી અને વિચાર્યું કે કદાચ ખાવા-પીવાની સમસ્યા છે. પરંતુ જ્યારે પ્રારંભિક સારવાર છતાં તેમની સ્થિતિમાં સુધારો થયો ન હતો, ત્યારે ડૉક્ટરને ખબર પડી કે તેમને માયાલ્જિક એન્સેફાલોમીલાઈટિસ ચેપ છે. આ રોગમાં શરીર સંપૂર્ણ રીતે અક્ષમ થઈ જાય છે અને આશ્ચર્યની વાત એ છે કે આ રોગના કારણે દર્દીનું મૃત્યુ થાય છે કારણ કે તેની કોઈ સારવાર શક્ય નથી. મિલીની માતાએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે તેની દીકરી માટે હવે તેનું જીવન નર્ક બની ગયું છે. મારી પુત્રી દરરોજ ઘરે જવા માટે વિનંતી કરે છે.

# ‘મંકી મેન’ ફિલ્મ અંશત : હિન્દુ ભગવાન હનુમાનજીથી પ્રેરિત છે - દેવ પટેલ

મુંબઈ

અભિનેતા અને દિગ્દર્શક દેવ પટેલ, જેમને તાજેતરમાં બહોળા પ્રમાણમાં વખાણાયેલી મંકી મેન સાથે દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી હતી, તેને જણાવ્યું હતું કે તેમની ફિલ્મ અંશતઃ હિન્દુ ભગવાન હનુમાનથી પ્રેરિત છે. હનુમાન ભારતમાં વ્યાપકપણે પૂજવામાં આવતા દેવતા છે. મોડી રાતના હોસ્ટ જીમી ફેલોન સાથે વાત કરતા પટેલે જણાવ્યું હતું કે, “મારા પિતા તેમના ગળામાં એક સાંકળ પહેરે છે અને તેના પર હનુમાનની નાની મૂર્તિઓ હતી. હું મારા પિતાને તેના વિશે પૂછતો હતો. હનુમાન ખાનદાની અને શક્તિ અને હિંમતનું પ્રતિનિધિત્વ કરે છે. મારા માટે, તેઓ પણ હતા. એક હીરો કે જેણે પોતાનામાં વિશ્વાસ ગુમાવ્યો. એક સમયે તેની હિંમત ન હતી અને તેને યાદ કરાવવાની જરૂર હતી કે તે કોણ છે, તે મારા માટે વાર્તાનો આધાર હતો (મંકી મેન માટે).પટેલે હનુમાન અને સુપરમેન વચ્ચે પણ સરખામણી કરી અને ઉમેર્યું, “તે સુપરમેન સાથે ખૂબ જ સમાન છે તે અર્થમાં કે તે આઈકોનોગ્રાફીમાં તેની છાતીને વિભાજીત કરે છે અને ઉડે છે.”

અભિનેતાએ ઉલ્લેખ કર્યો છે કે કેવી રીતે તેના પાત્ર કિડની મુસાફરી હનુમાનની સમગ્ર યાત્રાને પ્રતિબિંબિત કરે છે. હિંદુ દેવતા એ હિંદુ મહાકાવ્ય રામાયણની પ્રાથમિક વ્યક્તિઓમાંની એક છે, જેની વફાદારી, શક્તિ અને દુષ્ટતાને દૂર કરનાર વ્યક્તિ તરીકે ઉપાસકો દ્વારા પ્રશંસા કરવામાં આવે છે.

દરમિયાન, ૫ એપ્રિલે વૈશ્વિક સ્તરે રિલીઝ થયેલી મંકી મેન ભારતમાં રિલીઝ થવાની બાકી છે. આ ફિલ્મને તેની ગ્રાફિક હિંસા, કેટલાક જાતીય દ્રશ્યો અને હિંદુ પૌરાણિક કથાઓના સંદર્ભોને કારણે સેન્સર બોર્ડ દ્વારા હજુ સુધી લીલી ઝંડી આપવામાં આવી નથી.



# હું ઈમાનદાર અને સુંદર જીવન સાથી શોધી રહી છું, અભિનેત્રી નોરા ફતેહી

મુંબઈ,

નોરા ફતેહીને આજે બોલિવૂડમાં કોઈ ઓળખની જરૂર નથી. નૃત્યાંગના તરીકે કરિયરની શરૂઆત કરનાર નોરા આજે ફિલ્મોમાં મહત્વની ભૂમિકા ભજવતી જોવા મળે છે. તાજેતરમાં નોરા કોમેડી ફિલ્મ ’મડગાંવ એક્સપ્રેસ’માં જોવા મળી હતી. દર્શકોને આ ફિલ્મમાં તેનું પાત્ર ખૂબ પસંદ આવ્યું હતું. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન અભિનેત્રી પોતાની અંગત જીવન અને લગ્ન વિશે ખુલીને વાત કરતી જોવા મળી હતી.

નોરા ફતેહી બોલિવૂડમાં તેની સ્પષ્ટવક્તા શૈલી માટે પ્રખ્યાત છે. તાજેતરમાં, જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે તેના જીવનસાથીમાં કયા ગુણો જોવા માંગે છે. આ સવાલના જવાબમાં નોરા કહે છે, ’હું જે રીતે પહેલા વિચારતી હતી તે સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. પ્રેમ અને લગ્નની બાબતમાં મારા ઘણા જૂના વિચારો છે. મારે પણ લગ્ન કરીને સેટલ થવું છે.

નોરા આગળ કહે છે, ’હું ભગવાનમાં વિશ્વાસ રાખતો જીવનસાથી શોધી રહી છું. તે જ સમયે, તેણે સારો ઉછેર કર્યો હોવો જોઈએ. મારા માટે, પૈસા પાછળથી આવે છે; તે પહેલાં, વ્યક્તિનું હૃદય સારું હોવું મહત્વપૂર્ણ છે. સાચું કહું તો, આજની દુનિયામાં એવા વધુ સ્વાર્થી લોકો છે જેઓ તમારો ફાયદો ઉઠાવવા માંગે છે. તેઓ થોડા વર્ષો તમારી સાથે રહેશે અને તમારો ફાયદો ઉઠાવશે અને ચાલ્યા જશે. નોરા ફતેહી લગ્ન કરીને સેટલ થવા માટે તૈયાર છે. અભિનેત્રી કહે છે, ’ચાર-પાંચ વર્ષ પહેલાં મારા જીવનસાથી વિશે મારા વિચારો એકદમ ઉપરછલ્લા હતા.

# બુમરાહ આઈપીએલમાં સૌથી ઝડપી ૧૫૦ વિકેટ ઝડપનાર ત્રીજો ખેલાડી બન્યો

મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪ ની ૨૦મી મેચમાં, મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સને ૨૯ રનથી હરાવ્યું અને સિઝનની તેમની પ્રથમ જીત નોંધાવી. આ મેચમાં દિલ્હી તરફથી છ બોલરોએ બોલિંગ કરી હતી અને મુંબઈ માટે પણ છ બોલરોએ બોલિંગ કરી હતી. આ હાઈ સ્કોરિંગ મેચમાં જસપ્રીત બુમરાહ સિવાયના તમામ બોલરો મોંઘા સાબિત થયા હતા. બુમરાહ સિવાય અન્ય બોલરોનો ઈકોનોમી રેટ આઠથી ઉપર હતો. તે જ સમયે, બુમરાહે ચાર ઓવરમાં ૨૨ રન આપીને બે વિકેટ લીધી હતી. તેનો ઈકોનોમી રેટ ૫.૫૦ હતો. બે વિકેટ લેવાની સાથે બુમરાહે એક ખાસ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. તેણે આઈપીએલમાં ૧૫૦ વિકેટ પણ પૂરી કરી અને આમ કરનાર તે ૧૧મો ખેલાડી બન્યો.

બુમરાહે આઈપીએલમાં ત્રીજી સૌથી ઝડપી ૧૫૦ વિકેટ પૂરી કરી. આ માટે તેણે ૧૨૪ મેચ રમી હતી. આ મામલે લસિથ મલિંગા ટોચ પર છે, જેણે ૧૦૫ મેચમાં ૧૫૦ વિકેટ પૂરી કરી હતી.



# કમલ હાસનની સક્રિયતાને કારણે દક્ષિણનું રાજકારણ ગરમાયું : લાખો ચાહકો એકઠા થયા

મુંબઈ

મુંબઈમાં આ દિવસોમાં કમલ હાસનની બે ફિલ્મો ચર્ચામાં છે. મતદાનના પરિણામો આવે તે પહેલા તેની ફિલ્મ ’કલ્કી ૨૮૯૮ એડી’ રિલીઝ થશે અને તે પછી તેની બહુચર્ચિત ફિલ્મ ’ઇન્ડિયન’ ’ઇન્ડિયન ૨’ની સિક્વલ રિલીઝ થશે. બંને ફિલ્મોની હિન્દી ભાષી વિસ્તારોમાં ખૂબ માંગ છે અને મુંબઈમાં ઘણા ફિલ્મ વિતરકો ઉત્તર ભારતમાં આ બંને ફિલ્મોનું વિતરણ કરવા માટે સતત બિઝનેસ ચર્ચામાં છે. કમલ હસન રાજકારણમાં ઊંડો રસ ધરાવે છે. વર્ષ ૨૦૧૮ માં, તેમણે પ્રથમ વખત સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો.

હવે ૩૦ માર્ચે ડીએમકે પ્રમુખ અને તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિનના



નિધન બાદ દક્ષિણના આ સૌથી મહત્વપૂર્ણ રાજ્યની રાજનીતિ નવો વળાંક લેતી જોવા મળી રહી છે. ગઈકાલે રાત્રે, કમલ હાસન આ લોકસભા ચૂંટણીમાં ડીએમકેના ઉમેદવાર ડી રવિકુમારના પ્રચાર માટે પ્રથમ વખત બહાર આવ્યા હતા. મોડી રાતના પ્રચાર દરમિયાન, કમલ હાસન હાથ જોડીને રવિકુમાર માટે મત માગતા જોવા મળ્યા હતા અને રવિકુમાર દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી આ રેલીઓની તસવીરો દર્શાવે છે કે તમિલનાડુના રાજકારણમાં કમલ હાસનનું સ્ટેટસ હજુ વધવાનું બાકી છે. વધારો થવા જઈ રહ્યો છે.

કમલ હાસનને તેમના રાજકીય પક્ષ મક્કલ નીધી મૈયમના ચૂંટણી ચિન્હ સાથે વાનમાં સવાર થતા જોવા માટે મોટી સંખ્યામાં લોકો શેરીઓમાં અને તેમના ઘરની છત પર ઉભા જોવા મળ્યા હતા. સ્દ્રસ ની સ્થાપના કમલ હાસ દ્વારા વર્ષ ૨૦૧૮ માં કરવામાં આવી હતી. આ ચૂંટણીઓમાં તેમના ઢસ્દ્રના સમર્થનમાં આવવાથી ચૂંટણી પરિણામો પર અસર પડી શકે છે, જોકે કમલ હાસનની પાર્ટીએ ૨૦૧૯ની ચૂંટણીમાં ૩૭ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખ્યા હતા અને તેમાંથી એક પણ જીતી ન હતી.

# જામનગર શહેરમાં જાહેર રજાના દિવસે શાળા ચાલુ રાખતાં એનએસયુઆઈની ટીમે શાળા બંધ કરાવી




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં આજે જાહેર રજાના દિવસે એક ખાનગી સ્કૂલે પોતાની શાળામાં શિક્ષણ કાર્ય ચાલુ રાખ્યું હતું દરમિયાન એન.એસ.યુ. આઈ. ની ટીમ પહોંચી હતી અને વિનંતીપૂર્વક શાળામાંથી વિદ્યાર્થીઓને રજા અપાવડાવી હતી. જામનગર શહેરમાં આજે ચેટીચાંદ પર્વની જાહેર રજાના દિવસે પણ ક્રિષ્ના સ્કૂલમાં શિક્ષણ કાર્ય ચાલુ રખાયું હતું, અને વિદ્યાર્થીઓને રજાના દિવસે પણ બોલાવીને અભ્યાસ ચાલુ રખાવ્યો હતો. જે અંગેની જાણકારી મળતાં એન.એસ.યુ. આઈ. ના કાર્યકરો ની ટીમ ક્રિષ્ના સ્કૂલમાં પહોંચી હતી, અને શાળાના સંચાલકોને શિક્ષણ કાર્ય રજાના દિવસે ચાલુ નહીં રાખવાની અપીલ કરી હતી. જેને ધ્યાને લઈને વિદ્યાર્થીઓને તૂરતજ શાળા માંથી રજા આપી દેવામાં આવી હતી.

# ભાણવડની પુરુષાર્થ વિદ્યાનિકેતન ખાતે ૧૦૦% મતદાન કરોનો સંદેશ આપતી માનવ સાંકળ બનાવી




દ્વારકા : મતદાન માટે યુવાનો, મહિલાઓ સહિતના નાગરિકોમાં જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (ટી. આઈ. પી.) અંતર્ગત જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

જે અન્વયે ભાણવડની પુરુષાર્થ વિદ્યાનિકેતનના વિદ્યાર્થીઓ દ્વારા ૧૦૦% મતદાન કરો પ્રતિકૃતીની માનવ સાંકળ બનાવી મતદાન જાગૃતિ અંગે સંદેશો અપાયો હતો.

# દ્વારકા જિલ્લામાં હોટલ/ગેસ્ટ હાઉસના સંચાલકોએ મુસાફરોની માહિતી ''પથિક'' સોફટવેરમાં રજીસ્ટર કરવા જાહેરનામુ

દ્વારકા : ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતા અતિ સંવેદનશીલ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શ્રી દ્વારકાધીશ જગત મંદિર, નયારા એનર્જી, એસ્સાર પાવર, આઈ.ઓ.સી., ભારત ઓમાન રીફાઈનરી, તાતા કેમિકલ, ક્રેઇન ઈન્ડિયા, કે.પી.ટી. વિગેરે જેવા વાયટલ ઈન્સ્ટોલેશન સેન્ટરો ઉપર આતંકવાદી હુમલાની શક્યતા રહેલ છે. આથી આવા આતંકવાદી કૃત્યોને અટકાવવા માટે ગુજરાત પોલીસ દ્વારા હોટલમાં રોકાણ કરનાર ગ્રાહકની માહિતી હોટલ ખાતેથી જ ઈન્ટરનેટ દ્વારા એન્ટ્રી માટેનું સિક્યોર વેબ પોર્ટલ પથિક સોફ્ટવેર બનાવવામાં આવેલ છે તથા આ સર્વર અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાંચ ખાતે કાર્યરત છે. આ સોફ્ટવેર સાથે રજીસ્ટર થયેલ હોટલ ધારક જ ક્રાઈમ બ્રાંચ ખાતેથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડનો ઉપયોગ કરી સોફ્વેરમાં એન્ટ્રી કરી શકે છે.

સાંપ્રત સમયમાં બનતા ગુન્હા તથા આતંકવાદ જેવી ઘટનાઓ અટકાવવા, તેમજ આકસ્મિક બનાવ સમયે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેવા સંજોગોમાં તમામ હોટલોને એક સાથે ચેક કરવી થોડી મુશ્કેલી તથા સમયનો વ્યય થાય પરંતુ ''પથિક'' સોફ્ટવેર મારફત આ કામગીરીને ચેક કરી ગુન્હાહીત કે અન્ય માહિતી તાત્કાલીક મળી શકે છે. તેમજ સરળતાથી તપાસમાં ઉપયોગી થઈ શકે તેવી માહિતી ઉપલબ્ધ થઇ શકશે. તદ્ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દરિયાઇ વિસ્તાર ખૂબ જ લાંબો આવેલ હોય તથા દ્વારકાધીશ જગત મંદિર આવેલ હોય તથા મોટી કંપનીઓ કાર્યરત હોવાથી આંતરરાષ્ટ્રીય પથિકોની અવર-જવર રહેતી હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે તેમજ અગત્યના ઈનપુટ બાબતે મહત્વની માહિતી મળી રહે તે સારૂ પથિક સોફ્ટવેરની અમલવારી કરાવવી જરૂરી જણાય છે. જેથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જાહેર સુલેહ-શાંતિ અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સુગમતા રહે તેવા હેતુથી દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ તેમને મળેલ સત્તાની રૂએ એક જાહેરનામું પ્રસિધ્ધ કરી દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૩/૦૬/૨૦૨૪ સુધી દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ હોટલો અને ગેસ્ટહાઉસ ખાતે પ્રાંત/રાજય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત પથિક સોફટવેરમાં હોટલ/ગેસ્ટહાઉસના માલીક/સંચાલકે અવશ્ય કરવા જણાવ્યુ છે. આ ઉપરાંત જાહેરનામું પ્રસિધ્ધ થયેથી સોફટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે પોલીસ અધિક્ષક, દેવભૂમિ દ્વારકાની કચેરી ખાતેથી હોટલ/ગેસ્ટઉસના સંચાલક/માલીકોએ હોટલની વિગતો રજુ કરી યુઝર આઈડી-પાસવર્ડ દિન-૧૫ માં મેળવી લેવાના રહેશે. દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ હોટેલ/ગેસ્ટહાઉસના માલીકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે પોતાના રીસેપ્સન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું. જેમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા તૈયાર કરવામાં આવેલ પથિક સોફ્ટવેર ઈન્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રી પથિક સોફ્ટવેરમાં પણ કરવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજમાં 'NAAC' સંબંધિત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરાયું



વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ, જામનગરમાં તા. ૦૨-૦૪-૨૦૨૪ મંગળવારના રોજ શિક્ષણ શાસ્ત્રી ડો. એન. એસ. ધર્માધિકારીના બે દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ વર્ક શોપનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં તેમના દ્વારા 'NAAC' સંબંધિત પોતાના અનુભવો તથા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું અને ઉચ્ચકક્ષાના ગ્રેડિંગ કેવી રીતે મળે તે માટેના પોતાના વિચારો રજૂ કર્યા હતા. દરેક સ્ટાફ મિત્રો આ વર્કશોપમાં આપવામાં આવેલી માહિતી તથા પ્રશ્નોત્તરીથી સંતુષ્ટ અને પ્રોત્સાહિત થયા હતા. સમગ્ર વર્કશોપનું આયોજન પ્રિન્સિપાલ રામ કેવલરામાણીના માર્ગદર્શન હેઠળ તથા આભાર વિધિ પ્રો.ફીઝા અંસારી દ્વારા કરવામાં આવી હતી.

# જામનગરમાં ખાનગી ઉમેદવાર તરીકે NCVT પેટર્નની પરીક્ષા આપવા અંગેની અરજી કરી શકાશે

જામનગર : જામનગરમાં સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ. ટી. આઈ.) દ્વારા આગામી જુલાઈ-૨૦૨૪ થી અખિલ ભારતીય વ્યવસાય કસોટીમાં ખાનગી ઉમેદવાર તરીકે ઉપસ્થિત રહેવા માટે ઈચ્છુક અરજદારો પાસેથી 'ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેઈનિંગ' DGT New Delhi ની નવી ગાઈડલાઈન્સ મુજબ લાયક ધારા ધોરણમાં CoE, GCVT, SCVT પરીક્ષામાં ઉતિર્ણ આઈ.ટી.આઈ.ના ભુતપુર્વ તાલીમાર્થીઓ, દ્વઝફ્ ટ્રેડ પાસ બેલાઈડ ટ્રેડની પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ઈચ્છુક ઉમેદવારો, માન્ય શૈક્ષણિક લાયકાત, માન્ય અનુભવ અને વય મર્યાદા ધરાવતા અરજદારો, એપ્રેન્ટીસશીપ એકટ હેઠળ નોંધાયેલા એકમો, એપ્રેન્ટીસશીપ પોર્ટલ પર નોંધાયેલા લઘુ, નાના અને મધ્યમ કક્ષાના એકમો, સરકારી એકમો, સ્થાનિક ઓથોરીટી હેઠળના એકમો, ફેકટરી એકટ-૧૯૪૮ હેઠળના શોપ અને એસ્ટાબ્લિસ્ટમેન્ટ એકટ હેઠળ નોંધાયેલા એકમોમાં ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા અરજદારો આ NCVT પેટર્નની પરીક્ષા આપવા અંગે અરજી કરી શકશે.

જે અંગે જામનગર જિલ્લાના સમગ્ર ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવી છે. જે અન્વયે આગામી તારીખ ૧૬/૦૪/૨૦૨૪ ના રોજ ૪ કલાક સુધીમાં અત્રેની આઈ.ટી.આઈ. કચેરી ખાતે કામકાજના દિવસો દરમિયાન સવારે ૧૧ થી સાંજના ૪ કલાક સુધીમાં રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. તેમ જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં આશાપુરા મિત્ર મંડળ દ્વારા રવિવારે નિ:શૂલ્ક નેત્રનિદાન કેમ્પ યોજાશે

જામનગર : શ્રી આશાપુરા મિત્ર મંડળ, મચ્છરનગર-જામનગર અને ડો. પૃથ્વીરાજસિંહ જાડેજા (નિવૃત્ત સિનિયર ઓપટોમેટ્રિક્ટ જી.જી. હોસ્પિટલ) દ્વારા નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ તા. ૨૧ ને રવિવારે બપોરે ૯-૩૦ વાગ્યાથી શ્રી આશાપુરા મંદિર, મચ્છરનગર, જામનગરમાં યોજવામાં આવ્યો છે. કેમ્પમાં ૧૦૦ દર્દીઓના આંખના નંબર કાઢી ચશ્મા આપવામાં આવશે.

ઝામર, પડદાના રોગ, વેલ વિગેરેનું ઓપરેશન ડો. અમિત મહેતાની હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડ ઉપર નિ:શુલ્ક કરી આપવામાં આવશે. મોતિયાનું ઓપરેશન જી. જી. હોસ્પિટલમાં કરવામાં આવશે. કેમ્પમાં ડો. પૃથ્વીરાજસિંહ જાડેજા અને ડો. જયેશ સાધુ સેવા આપશે. કેમ્પમાં ફક્ત ૧૦૦ દર્દીઓની જ તપાસ કરવાની હોવાથી અગાઉથી નામ નોંધાવવા પ્રમુખ દેવેન્દ્રસિંહ પરમાર દ્વારા જણાવાયું છે.

# કલ્યાણપુરમાં વીજ બિલ પર મતદાન જાગૃતિના સ્ટેમ્પ લગાવી નવતર પ્રયાસ

દ્વારકા : લોકશાહીના સૌથી મોટા પર્વ ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ પ્રયાસો કરી રહ્યું છે. આગામી સમયમાં લોકસભાની ચૂંટણી - ૨૦૨૪નો સૌથી મોટો અવસર આવી રહ્યો છે. આગામી તારીખ ૭ મેના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભા સીટો પર મતદાન થશે. ગત ચૂંટણી કરતા આ વખતે મતદાનની ટકાવારી વધે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે દેશવાસીઓને લોકસભા ચૂંટણી અન્વયે મતદાન અંગે જાગૃત




કરવામાં આવી રહ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાનને લઈ લોકોમાં વધુમાં વધુ જાગૃતતા કેળવાઈ તે માટે જિલ્લા ચૂંટણી તંત્રના દિશા-નિર્દેશ મુજબ મતદાન જાગૃતિ લાવવાનો નવતર અને અનોખા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

કલ્યાણપુર પી.જી.વી.સી.એલ કચેરી દ્વારા વીજ બિલ પર ''તા.૦૭ મેના રોજ અચૂક મતદાન કરે તથા ''મતદાન જરૂર કરીએ'' નો સંદેશ પાઠવતા સ્ટેમ્પ તૈયાર કરવામાં આવ્યા છે. લોકો સુધી રૂબરૂ પહોંચતા વીજ બિલ પર લગાવેલા સ્ટેમ્પ લોકોને મતદાન કરવા માટે પ્રેરિત કરી મતદાન જાગૃતિ અભિયાનને વધુ અસરકારક બનાવવાનો આ પ્રયાસ સરાહનીય છે.

## દુર્ગા ચાલીસા

જય જય જય દુર્ગા મહારાની, આદિશકિત જગજનની ભવાની.
દુ:ખહરણી સુખદાયિની માતા, અષ્ટસિદ્ધિ નવનિધિ કી દાતા.
નિરંકાર હૈ જ્યોતિ તુમ્હારી, તિહુંલોક ફૈલી ઉજિયારી.
ચન્દ્રવિલાટ મુખ મહાવિશાલા, નેત્ર લાલ ભ્રૂકુટી વિકરાલા.
રૂપ માત કો અધિક સુહાવૈ, દરશન કરત જન અતિ સુખ પાવૈ.
તુમ સંસાર શકિત લૌં કીન્હા, પાલન હેતુ અન્નધન દીન્હા.
અન્નપૂણાર્ હૈં જગપ્રતિપાલા, તુમહી આદિ સુન્દરી બાળા.
ગૌરી પાર્વતી કલ્યાની, તુહી લક્ષ્મી અરુ રુદ્રાની.
તુહી વિન્ધ્યાચલ વિન્ધ્યવાસિની, વૃષભવાહિની તુહી નારાયની.
પ્રલયકાલ સબ નાશ હારી, તુમ ગૌરી શિવશંકર પ્યારી.
શિવયોગી તુમ્હરે ગુણ ગાવે, બ્રહ્મા વિષ્ણુ તુમ્હૈ નિત ધ્યાવે.
રૂપ સરસ્વતી કા તુમ ધારા, દે સુબુદ્ધિ ઋષિમુનિ ઉબારા.
ધરો સ્વરૂપ નરસિંહ કો અંબા, પ્રગટ ભઈ તુમ ફાડિકે ખંભા.
રક્ષા કર પ્રહ્લાદ બચાયો, હિરનાકંસ કો સ્વર્ગ ચઢાયો.
લક્ષ્મીરૂપ ધરો જગમાંહી, શ્રીનારાયણ અંગ સમાહી.
ક્ષીરસિંધુ મેં કરત વિલાયા, દયાસિંધુ દીજે મન આસા.
હિંગલાજ મેં તુમ્હીં ભવાની, મહિમા અમિત ન જાત બખાની.
માંતગી ધુમાવતી માતા, ભુવનેશ્વરી બગલા સુખ દાતા.
શ્રી ભૈરવ તારા જગતારન, છિના ભાલ સબ દુ:ખ નિવારન.
કેહરિવાહન સોહ ભવાની, લંગૂર વીર ચલત અગીવાની.
કર મેં ખપ્પર ખડગ બિરાજે, જાકો દેખ કાળ કર ભાજે.
સોહે ઔર અસ્ય ત્રિશૂલા, જાતે ઉઠે શત્રુ હિય શૂલા.
નવોં કોટ મેં તુમ્હીં બિરાજત, તિહું લોક મેં ડંકા બાજત.
શુમ્ભ નિશુમ્ભ દાનવ તુમ મારે, રતબીજ સંખન સંહારે.
મહિષાસુર નૃપ અતિ અભિમાની, જેહી અધભાર મહી અકુલાની.
સબ સુર મિલિ તવ ધ્યાન લગાયો, આર્ત સુનત પ્રગટ હોઈ આયો.
રૂપ કરાલી કાળી કો ધારા, સેન સહિત તુમ તેહિ સંહારા.
જયતિ જયતિ જય જય મહારાની, તુમ્હીં શીતલા શકિત શાલિની.
નહિ તવ આદિ મધ્ય અવસાના, વેદ પુરાન સકળ જગ જાના.
કોઈ નરિયલ કોઈ પાન ચઢાવે, કોઈ આરતી સજાવતી આવે.
કરે ભકિત સે તેરી પૂજા, આશ ચરન કી ઔર ન દૂજા.
પરી ગાઢ સંતન ગુહરાવેં, રિપુ મૂરખ મોહિં અતિ ડર પાવેં.
શત્રુ નાશ કીજે મહારાની, સુમિરોં એકચિત્ત તુમહિ ભવાની.
કરો કૃપા હે માત દયાળા, રિદ્ધિસિદ્ધિ દે કરહુ નિહાળા.
જબ લગ જીયૌ દયા ફળ પાઉં, તુમ્હરે જસ મેં સદા સુનાઉ.
દુર્ગા ચાળીસા જૌ કોઈ ગાવેં, સબ સુખ ભોગ પરમપદ પાવેં.
જૌ યહ પઢે દુર્ગાચાળીસા, હોય સહાય સાખી વાગીસા.
નેમધર્મસે પાઠ જે કરિહેં, અનધન કમી કાહુ રહિહેં.
હોય સહાય સદા સુખ પાવે, ગાઢે મેં જૌ ધ્યાન લગાવેં.
દેવીદાસ શરણ નિજ જાની, કરહુ કૃપા જગદમ્બા ભવાની.

- નંદિની નાયડુ

# દ્વારકાના ચિત્રકાર સામત બેલાનું અતૂલ્ય વારસો એવોર્ડથી સન્માન


તસવીર: રાકેશ સામાણી

જામનગર : ગુજરાત રાજ્યમાંથી અલગ અલગ જિલ્લાઓના કુલ મળીને ૧૩૧ જેટલા કલા સાધકોને અતુલ્ય વારસો દ્વારા આઈડેન્ટિટી એવોર્ડ ૨૦૨૪ માટે ડો.આંબેડકર ઓડિટોરિયમ ગાંધીનગર ખાતે આ તમામ મહાનુભાવો ને સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ મંચ પર પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ, એડિશનલ કલેકટર રાઠોડ, રમણીક ઝાપડિયા, મકરંદ શુક્લ, અમીબેન ઉપાધ્યાય, મિતલબેન પટેલ જેવા વિશેષ મહાનુભાવોની ઉપસ્થિતિ રહી હતી. જેમાં દેવભૂમિ દ્વારકાના સુપ્રસિદ્ધ ચિત્રકાર સામત બેલાની પણ પસંદગી કરવામાં આવી હતી. તેઓએ હંમેશા તેમના ચિત્રના માધ્યમથી કલા અને આપણા વારસાનું સંવર્ધન કર્યું છે આ પ્રસંગે તેઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. જામ કલ્યાણપુર તથા દેવભૂમિ દ્વારકા અને સમગ્ર આહીર સમાજ આ પ્રસંગે હર્ષની લાગણી અનુભવી રહ્યા છે

# જામનગરમાં દિવ્યાંગ સ્વાભિમાન સમર્પણ ચિંતન શિબિરનું સમાપન

જામનગર : જામનગર ખાતે દિવ્યાંગ સ્વાભિમાન સમર્પણ ચિંતન શિબિર ૨૦૨૪ને સફળતાપૂર્વક સંપન્ન જીલ્લા સ્પેશિયલ ખેલ મહાકુંભ ૨.૦ ને સફળ બનાવવા શ્રેષ્ઠ સેવા આપનાર દિવ્યાંગ સરકારી સેવામાં પસંદગી પામનાર ગોળા ફેંક, ચક્ર ફેંકમાં પસંદ થયેલ જિલ્લાના મનો દિવ્યાંગ રમતવીરનું પેરા સ્પોર્ટસ એસોસિએશન દ્વારા સન્માન કરાયું હતું.

આશાદીપ વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટ, માધવરાય મંદિર પાસે, ખંભાળિયા ગેઈટ બહાર, જામનગર ખાતે મહર્ષિ અષ્ટાવક્ર વિવિધલક્ષી સ્વરોજગાર સહકારી મંડળી લી. જામનગરના પ્રમુખ અને ચેલા ગ્રામ પંચાયતના ઉપસરપંચ કિરણસિંહ સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાયેલ દિવ્યાંગ સ્વાભિમાન સમર્પણ ચિંતન શિબિર ૨૦૨૪ માં અતિથી વિશેષ પદે પેરા સ્પોર્ટસ એસોસિએશન, જામનગરના ઉપપ્રમુખ શિવદાસ ગુજરીયા, દિવ્યાંગ મહિલા ખેલાડીઓ સહિત બહોળી સંખ્યામાં દિવ્યાંગો / વાલીઓ ઉત્સાહભેર ખાસ ઉપસ્થિત રહી સહભાગી થયેલ હતાં.

કાર્યક્રમને સફળ બનાવવા શ્રેષ્ઠ સેવા આપનાર આશાદીપ વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટ, જામનગરના માનદ કાર્યકર અને પેરા સ્પોર્ટસ એસોસિએશન, જામનગરના સહમંત્રી રીયાબેન ચિતરા (દિવ્યાંગ) ની વિશિષ્ટ સેવા બદલ રૂા.૧૧૧૧ રોકડ પુરસ્કરા આપી / જુ. કલાર્ક તરીકે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પસંદ થઈ - જિલ્લા ખેતીવાડી અધિકારી, જામનરગની કચેરીમાં નિમણૂંક પામનર જામનગરના સ્પે. ખેલ મહાકુંભ ૨.૦ ના શ્રેષ્ઠ સ્પર્ધ મંગે ભાવિકાબેન ખીમજીભાઈ તેમજ ૧૩મી જૂનીયર અને સબ જુનિયર પેરા એથ્લેટિકસ ચેમ્પિયનશીપ ૨૦૨૪ માં ગોળાફેંક/ચક્રફેંકમાં ભાગ લેવા પસંદગી પામેલ મનો દિવ્યાંગ રમતવીર વડગામા આકાશભાઈ દિપકભાઈનું પેરાસ્પોર્ટસ એસોસિએશન, જામનગર દ્વારા ઉપસ્થિત મહેમાનો હસ્તે શાલ ઓઢાડી સત્કાર - સન્મન કરાયું હતું. શિબિરને સફળ બનાવવા પેરા સ્પોર્ટસ એસોસિએશનના હોદ્દેદારો રીયાબેન ચિતારા, રસિકસિંહ જાડેજા, કુલસુમબેન શેખ, અંજુમાબેન શેખ, મનોદિવ્યાંગ વાલી પુષ્પાબેન વોરા, દિવ્યાંગ કાર્યકર જાયણીબેન મોઢા સહિતનાઓએ ખાસ જહેમત ઉઠાવી હોવાનું આશાદીપ વિકલાંગ કલ્યાણી ટ્રસ્ટ જામનગરની યાદીમાં જણાવાયું છે.

# શ્રી મહાલક્ષ્મી માતાજીના પાટોત્સવનું મેડતવાડ બ્રાહ્મણ સમાજ દ્વારા આયોજન

જામનગર : છોટી કાશીનું બિરુદ ધરાવતા જામનગરમાં શ્રી મેડતવાડ બ્રાહ્મણ સમાજ દ્વારા સતત ૩૫માં વર્ષે મહાલક્ષ્મી માતાજીના પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી ગૌડ મેડતવાડ બ્રાહ્મણ સમાજ જામનગર દ્વારા ચૈત્ર સુદ આઠમ ના તા.૧૬-૦૪-૨૦૨૪ ને મંગળવારના રોજ શ્રી મહાલક્ષ્મી માતાજી પાટોત્સવ મહા યજ્ઞ નું જ્ઞાતિભવનમાં આયોજન નીલકંઠ નગર, રણજીતસાગર રોડ કરવામાં આવેલ છે. આ ધાર્મિક પ્રસંગે જ્ઞાતિજનોએ ઉપસ્થિતિ રહેવા અપીલ કરવામાં આવી છે.દર વર્ષ ની જેમ શ્રી મહાલક્ષ્મી પાટોત્સવ પ્રસંગે માતાજી નો સંપૂર્ણ શ્રીંગાર સ્વ.મનસુખલાલ વાસંનજી ભટ્ટ કાલાવડ વારા તરફથી આપવમાં આવશે.

મહોત્સવ પ્રસંગોની રૂપરેખામાં મહોત્સવ યજ્ઞ પ્રારંભ સવારે ૮:૦૦ કલાકેમહાયજ્ઞમાં બીડું હોમવાનો સમય સવારે ૧૧:૩૦કલાકે રાખેલ છે.મહાપ્રસાદ બપોરે ૧૨:૩૦ કલાક છે આ કાર્યક્રમ માટે શ્રીગૌડ મેડતવાડ બ્રાહ્મણ સમાજ ટ્રસ્ટી મંડળ, મહિલા મંડળ, તથા યુવક મંડળ જહેમત ઉઠાવી રહ્યું છે.

## અવસાન નોંધ

**ચાંપા બેરાજા :** ચાંપા બેરાજા નિવાસી રાજ્ય પુરોહિત બ્રાહ્મણ જ્ઞાતિના પ્રભાબેન ગિરીશકુમાર ખેતિયા (ઉ.વ.૬૧) ગિરીશભાઈ અંબાશંકર ખેતિયાના પત્ની, તે જયેશભાઈ, અમરીશભાઈ, અર્ચનાબેન ભરતભાઈ ખેતિયાના માતા, સ્વ. અંબાશંકર વિઠલજી ખેતિયાના પુત્રવધૂ, કાંતિભાઈ, સ્વ. હરિશભાઈ, જગદિશભાઈ કંચનબેન લવા, નર્મળિબેન ભટ, જયાબેન બારોટના ભાભી, સ્મિતાબેન અમરીશભાઈ ખેતિયાના સાસુ, સ્વ. છગનભાઈ ડોસાલાલ રાવલના પુત્રી, ચંદુભાઈ હેમતભાઈના બહેન, દિલીપભાઈ, દેવેન્દ્રભાઈ, મહેશભાઈ, જિતેન્દ્રભાઈ, ગીતાબેન, સુનિલભાઈ નાકર, રાજુભાઈના કાકી, દિવકાબેન જયકુમારના ભાભુ તા. ૦૮-૦૪-૨૦૨૪ના રોજ અવસાન પામ્યા છે. સદ્ગતનું બેસણું તા. ૧૧-૦૪-૨૦૨૪ના સાંજ ૪:૩૦ થી ૫:૦૦ વાગ્યા દરમ્યાન, શિવ મંદિર, ચાંપા બેરાજા ગામ ખાતે રાખેલ છે. જયેશ ખેતિયા ૯૯૦૪૪ ૩૬૦૮૯, અમરીશ ખેતિયા ૭૯૮૪૬ ૨૪૮૧૦ (હરીયા કોલેજ).

# ૫૦૦ વર્ષ બાદ ભવ્ય રામ જન્મોત્સવ ઉજવાશે અયોધ્યાના આઠ હજાર મંદિરોમાં કરાશે અનુષ્ઠાન

અયોધ્યા,

રામ લલ્લાના પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણીમાં ડૂબી ગયેલી અયોધ્યા હવે રામ જન્મોત્સવના રંગે રંગાઈ ગઈ છે. રામલલાની જન્મજયંતિ ૫૦૦ વર્ષ બાદ ભવ્ય મહેલમાં ઉજવવામાં આવી રહી છે. તેથી આ વખતે ઉજવણી અલૌકિક અને ભવ્ય હશે. મંગળવારથી અયોધ્યા રામ નવમીના આનંદમાં ડૂબી જશે. રામનગરીના આઠ હજાર મઠો અને મંદિરોમાં અભિનંદન ગીતો અને વિવિધ અનુષ્ઠાનનો પ્રારંભ થશે.



રામલલાના કપડા બનાવનાર ફેમસ ડિઝાઈનર મનીષ ત્રિપાઠીએ જણાવ્યું કે રામલલાના કપડા ખાસ ખાદી કોટનમાંથી બનાવવામાં આવ્યા છે. આના પર સોના અને ચાંદીની હેન્ડ પ્રિન્ટ કરવામાં આવી છે. પ્રિન્ટીંગમાં વપરાતા તમામ ચિહ્નો વૈષ્ણવ પ્રણાલીના છે. રામલલા દિવસ પ્રમાણે કપડાં પહેરે છે. તેથી, તેમના માટે વિવિધ રંગોના કપડાં તૈયાર કરવામાં આવી રહ્યા છે.

આ સાથે જ રામ નવમીના મેળા માટે ભક્તોનું આગમન પણ શરૂ થઈ ગયું છે. સોમવારે ચૈત્ર અમાવસ્યાના દિવસે એક લાખ ભક્તોએ સરયુમાં સ્નાન કરી નાગેશ્વરનાથ મહાદેવની પૂજા કરી હતી. આ પ્રસંગે મહિલાઓએ પીપળના વૃક્ષની પૂજા કરી પતિના લાંબા આયુષ્ય માટે પરિક્રમા કર્યા હતા. આ પછી ભક્તોએ રામલલા અને હનુમાનગઢીમાં હાજરી આપી હતી. હોટલ ધર્મશાળામાં રહેવાની સુવિધા ન મળતા ભક્તો તેમના ગુરુ સ્થાનોમાં આશરો લઈ રહ્યા છે.

રામનગરીના હજારો મંદિરોમાં મંગળવારથી કથા, પ્રવચન, નવહપારાયણ, અનુષ્ઠાન વગેરેનો પ્રારંભ થશે. પૂર્વ સાંસદ ડો.રામવિલાસ દાસ હિન્દુ ધામમાં વેદાંતી રામકથાનો પ્રચાર કરશે. છેલ્લા ૧૮ વર્ષથી તેઓ રામ નવમી પર રામકથાનો ઉપદેશ આપી રહ્યા છે. એ જ રીતે દશરથ મહેલમાં મહંત ડો.રામાનંદ દાસ રામ કથાનું વર્ણન કરશે. હનુમાનબાગમાં માતૃશક્તિના પ્રતિક સુરભી ભક્તોને રામકથાનો મહિમા સંભળાવશે.

# સમગ્ર દેશમાંથી લોકો કહી રહ્યા છે કે મારે રાજકારણમાં આવવું જોઈએ: રોબર્ટ વાડ્રા

નવીદિલ્હી,

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ અને બિઝનેસમેન રોબર્ટ વાડ્રાએ અમેઠીથી ચૂંટણી લડવા સહિત વિવિધ મુદ્દાઓ પર અનેક સવાલોના જવાબ આપ્યા હતા. અમેઠીથી ચૂંટણી લડવાના સવાલના જવાબમાં રોબર્ટ વાડ્રાએ કહ્યું કે, માત્ર અમેઠીથી જ નહીં પરંતુ સમગ્ર દેશમાંથી લોકો કહી રહ્યા છે કે મારે સક્રિય રાજકારણમાં આવવું જોઈએ. અમેઠીથી આ વાત વધુ ઉઠી રહી



છે તેનું કારણ છે કે, મેં ૧૯૯૯થી ત્યાંના લોકો વચ્ચે પ્રચાર કર્યો હતો અને ત્યાં પોસ્ટર પણ લાગવાના શરૂ થયા. હવે અન્ય સ્થળોએ પણ પોસ્ટર લાગી રહ્યા છે કારણ કે દરેકને લાગે છે કે તમે અમારી બાજુથી આવો, અમારા વિસ્તારમાંથી આવો કારણ કે અમે તમારી મહેનત જોઈ છે. તમે ગાંધી પરિવારના સભ્ય છો. વાડ્રાએ કહ્યું કે, લોકોએ જોયું છે કે ગાંધી પરિવારે આ દેશ માટે કેટલું કર્યું છે, કરતા આવ્યા છે અને કરતા રહેશે. તેમને લાગ્યું કે જો હું આ ચૂંટણીમાં અમેઠીથી ચૂંટણી લડીશ તો ત્યાં તેમણે જે ભૂલો કરી છે. સ્મૃતિ ઈરાનીને સાંસદ બનાવવાની જે ભૂલ કરી છે તેનાથી તેઓ આગળ વધશે અને મને પ્રચંડ બહુમતીથી જીતાડશે. પરંતુ હું કોઈને પડકારવા માટે નહીં લડીશ.

# અમેરિકામાં વધુ એક ભારતીય વિદ્યાર્થીનું મોત

**ઉમા સત્ય સાઈ બાદ અબ્દુલ અરાફાતની લાશ મળી**

વોશિંગ્ટન,

ગત મહિનાથી ગુમ થયેલા ૨૫ વર્ષીય ભારતીય વિદ્યાર્થી મોહમ્મદ અબ્દુલ અરાફાતનો મૃતદેહ અમેરિકાના ક્લીવલેન્ડમાંથી મળી આવ્યો છે. તે મૂળ હૈદરાબાદનો રહેવાસી હતો. ભારતીય દૂતાવાસે આ વાતની પુષ્ટિ કરી છે.

છેલ્લા મહિનાથી ગુમ થયેલો ૨૫ વર્ષીય ભારતીય વિદ્યાર્થી અમેરિકાના ક્લીવલેન્ડમાં મૃત હાલતમાં મળી આવ્યો છે. હૈદરાબાદના રહેવાસી મોહમ્મદ અબ્દુલ અરાફાતના મોતથી ફરી એકવાર અમેરિકામાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષા પર સવાલો ઉભા થયા છે. હકીકતમાં, એક અઠવાડિયાની અંદર આ પ્રકારની બીજી ઘટના પ્રકાશમાં આવી છે, જ્યારે આ વર્ષે અત્યાર સુધીમાં ૧૧ ભારતીય વિદ્યાર્થીઓ સાથે આવી ઘટના બની છે.

ન્યૂયોર્કમાં ભારતીય કોન્સ્યુલેટે અરાફાતના મૃત્યુની પુષ્ટિ કરી અને ટ્વિટર પર પોસ્ટ કર્યું: "તે જાણીને દુ:ખ થયું કે મોહમ્મદ અબ્દુલ અરાફાત, જેના માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું હતું, તે ક્લેવલેન્ડ, ઓહિયોમાં મૃત હાલતમાં મળી આવ્યા છે.

# ૪૦ બંધકો હવે જીવતા નથી : જ્યારે અમેરિકાએ તેમની મુક્તિ માટે દબાણ કર્યું તો હમાસે કહ્યું

ગાઝા,

યુનાઈટેડ સ્ટેટ્સ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (સીઆઈએ) એ ગાઝામાં ૪૦ બંધકોની મુક્તિ સુનિશ્ચિત કરવા ઇઝરાયેલ અને હમાસ વચ્ચેના કરારને લંબાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ પ્રસ્તાવના બે દિવસ બાદ જ હમાસે કહ્યું કે જે ૪૦ બંધકોને છોડાવવાની વાત કરવામાં આવી રહી છે તે હવે હયાત નથી. હમાસે મધ્યસ્થીઓને એમ પણ કહ્યું કે તેમની પાસે બહુ ઓછા બંધકો છે. જોકે, હજુ સુધી બંધકોની સંખ્યા જાહેર કરવામાં આવી નથી.

હમાસે કહ્યું કે જે બંધકો બચી શક્યા નથી તેમાં મહિલાઓ, બાળકો અને બીમારોનો સમાવેશ થાય છે. યુએસ છેલ્લા છ અઠવાડિયાથી બંધકોની મુક્તિ માટે હમાસ સાથે ડીલનો પ્રસ્તાવ કરી રહ્યું હતું. દરમિયાન સીઆઈએના ડાયરેક્ટર બિલ બર્ન્સે ઈઝરાયેલના મોસાદના વડા, કતારના વડા પ્રધાન અને ઈજિપ્તના જાસૂસ વડાને રવિવારે કૈરોમાં મળ્યા હતા.

આ સમય દરમિયાન, હમાસ પ્રતિનિધિમંડળ પણ કૈરોમાં હાજર હતું, તેણે ઈજિપ્ત અને કતારના મધ્યસ્થીઓ સાથે અલગ-અલગ બેઠકો યોજી હતી. તેણીએ જણાવ્યું હતું કે દરખાસ્તમાં ઓછામાં ઓછા ૭૦૦ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરવાનો પણ સમાવેશ થશે, જેમાં ૧૦૦ થી વધુ જેઓ ઈઝરાયેલીઓની હત્યા માટે આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે.

હમાસના એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે જૂથ (હમાસ)એ કૈરોમાં એક બેઠકમાં ઈઝરાયેલના યુદ્ધવિરામ પ્રસ્તાવને ફગાવી દીધો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હમાસે મંગળવારે કહ્યું કે કતાર અને ઈજિપ્ત તરફથી મધ્યસ્થી તરીકે ઈઝરાયેલનો પ્રસ્તાવ પેલેસ્ટાઈનની કોઈપણ માંગને પૂર્ણ કરતું નથી. હમાસે વધુમાં કહ્યું કે તે આ પ્રસ્તાવ પર પુનર્વિચાર કરશે અને મધ્યસ્થીને તેના વિશે જાણ કરશે. ગયા વર્ષે ૭ ઓક્ટોબરે હમાસના આતંકવાદીઓએ ઈઝરાયેલમાં ઘૂસીને હવાઈ હુમલા કર્યા હતા.

# કર્ણાટક અને આંધ્રપ્રદેશ બોર્ડર નજીક વિસ્ફોટક સામગ્રીનો જથ્થો ઝડપાયો



નવીદિલ્હી,

કર્ણાટક અને આંધ્રપ્રદેશની સરહદ પર આવેલી નાંગલી ચેકપોસ્ટ પર પોલીસે મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કર્યો છે. કોલાર જિલ્લાના મુલબાગીલુ તાલુકામાં નાંગલી ચેકપોસ્ટ પર ચેકિંગ દરમિયાન એક કારમાંથી વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યા હતા.પોલીસે કારમાંથી ૧૨૦૦ જીલેટીન સ્ટિક, ૭ બોક્સ વાયર, ૬ ડિટોનેટર કબજે કર્યા હતા. એક આરોપીને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.તેની ઓળખ આંધ્રપ્રદેશના મદનપલ્લીનો રહેવાસી ૩૦ વર્ષીય શેખ હજાર શરીફ તરીકે થઈ હતી. અન્ય એક આરોપી ફરાર છે અને પોલીસ તેને શોધી રહી છે.

# સાઉદી અરબે કાશ્મીરને ભારત અને પાક. વચ્ચેનો દ્વિપક્ષીય મુદ્દો ગણાવ્યો

રિયાધ,

સાઉદી અરબે કાશ્મીર મુદ્દે પાકિસ્તાનને મોટો ઝટકો આપ્યો છે. ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અલ સઉદે કાશ્મીરને ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય મુદ્દો ગણાવ્યો છે. એટલું જ નહીં તેમણે એમ પણ કહ્યું કે આ મુદ્દાને ભારત અને પાકિસ્તાને વાતચીત દ્વારા ઉકેલવો પડશે.



ક્રાઉન પ્રિન્સનું આ નિવેદન પાકિસ્તાની પ્રધાનમંત્રી શાહબાજ શરીફની રિયાધ યાત્રા દરમિયાન એક જોઈન્ટ સ્ટેટમેન્ટમાં આવ્યું છે. પાકિસ્તાન અત્યાર સુધી કાશ્મીર મુદ્દા અંગે સંયુક્ત રાષ્ટ્ર હેઠળ જનમત સંગ્રહનો રાગ આલાપતું રહ્યું છે. પરંતુ ભારત શરૂઆતથી જ આ મુદ્દે દ્વિપક્ષીય વાતચીતનું સમર્થન કરે છે. જો કે આતંકવાદને લઈને ભારત અને પાકિસ્તાનમાં છેલ્લા કેટલાક વર્ષોથી રાજકીય સંબંધો નીચલા સ્તરે છે.

સાઉદી અરબે સંયુક્ત નિવેદનમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે બંને દેશો વચ્ચે પેન્ડિંગ મુદ્દાઓ, ખાસ કરીને જમ્મુ અને કાશ્મીર વિવાદને ઉકેલવા માટે પાકિસ્તાન અને ભારત વચ્ચે વાતચીત પર ભાર મૂક્યો. ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને શાહબાજ શરીફની મુલાકાત બાદ સાઉદી અરબ અને પાકિસ્તાને જોઈન્ટ સ્ટેટમેન્ટમાં કહ્યું કે શાહબાજ શરીફ અને મોહમ્મદ બિન સલમાન અલ સાઉદે ૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ મક્કા અલ મુકર્રમાના અલ સફા પેલેસમાં એક અધિકૃત બેઠક કરી હતી.

# સિગારેટ પીતી યુવતીએ તેને તાકીને જોઈ રહેલા યુવકની હત્યા કરી નાંખી

નાગપુર,

મહારાષ્ટ્રના નાગપુરમાં ૨૪ વર્ષીય એક યુવતીએ પાનની દુકાન પર ઊભેલા એક માણસને એટલા માટે મારી નાખ્યો કે તે તેની સામે ઘુરી રહ્યો હતો. પોલીસે મહિલા ઉપરાંત તેના અન્ય બે મિત્રોની પણ ધરપકડ કરી છે. આરોપ છે કે મહિલાએ ૨૪ વર્ષીય રણજીત રાઠોડની હત્યા એટલા માટે કરી નાખી કે જ્યારે તે પાનની દુકાનમાં સિગારેટ પી રહી હતી ત્યારે તે તેની તરફ તાકી તાકીને જોઈ રહ્યો હતો.આ ઘટના રાત્રે બની હતી. ચાર દીકરીઓનો પિતા રણજીત રાઠોડ પાનની દુકાને ગયો હતો એ સમયે જયશ્રી પાંઢરે સિગારેટ પીતી હતી. દરમિયાનમાં રણજીત રાઠોડ પણ સિગારેટ પીવા ત્યાં પહોંચ્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ ગઈ છે. પોલીસ અહેવાલો અનુસાર, જ્યારે રાઠોડ જયશ્રી પાંધારે સામે જોઈ રહ્યો હતો ત્યારે તેણે વાંધો ઉઠાવ્યો હતો. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. આ પછી રાઠોડે પોતાનો મોબાઈલ કાઢી લીધો અને જયશ્રીનો વીડિયો બનાવવા લાગ્યો, જેમાં તે સિગારેટ પીતી વખતે તેની સાથે દુર્વ્યવહાર કરી રહી હતી. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે જયશ્રીને જવાબ આપતી વખતે રાઠોડે પણ ગાળો ભાંડી હતી.

# છ લોકોને જીવતા સળગાવી દેવાયા, મહિલા અને બાળકો ઘરની બહાર ન આવી શક્યા

પટણા,

રોહતાસમાં એક મકાનમાં ભીષણ આગ લાગી હતી. જેમાં એક જ પરિવારના છ લોકોના મોત થયા હતા. એક સભ્ય ગંભીર રીતે દાઝી ગયો હતો. તેને સારવાર માટે સદર હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે. જોકે, રોહતાસ પ્રશાસને હજુ સુધી છ લોકોના મોતની પુષ્ટિ કરી નથી. આ ઘટના કચવાણ પોલીસ સ્ટેશન વિસ્તારના ઈબ્રાહીમપુર ગામમાં બની હતી. લોકોનું કહેવું છે કે રસોઈ બનાવતી વખતે ઘરમાં અચાનક આગ લાગી હતી. આગ કાબુમાં આવી ત્યાં સુધીમાં પરિવારના છ સભ્યોના મોત નીપજયા હતા. જેમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. એટલું જ નહીં આખું ઘર પણ બળીને રાખ થઈ ગયું.

અહીં આ ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. નજીકમાં લોકોની ભીડ હતી. માહિતી મળતાની સાથે જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર એન્જિનની મદદથી આગને કાબુમાં લેવામાં આવી હતી. પોલીસ-પ્રશાસનની ટીમ રાહત અને બચાવ કાર્યમાં વ્યસ્ત છે. મૃત્યુ પામેલાઓમાં ૩૦ વર્ષીય પુષ્પા દેવી, તેમની ત્રણ પુત્રીઓ, એક પુત્ર મોહન કુમાર અને ૨૫ વર્ષીય ગર્ભવતી માયા દેવીનો સમાવેશ થાય છે.

# સાઈન-બોર્ડ મરાઠીમાં ન હોય તો ડબલ પ્રૉપર્ટી ટૅક્સ ભરવો પડશે

મુંબઈ,

છેલ્લા કેટલાય સમયથી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશન અને વેપારીઓ વચ્ચે દુકાનો પર મરાઠી પાટિયાના મુદ્દે જે ગજગ્રાહ ચાલી રહ્યો છે એમાં ગઈ કાલે બીએમસીએ સખત વલણ અપનાવીને પહેલી મેથી જે દુકાનોનાં પાટિયાં પર મરાઠીમાં નામ નહીં હોય તેમની પાસેથી ડબલ પ્રૉપર્ટી ટૅક્સ વસૂલ કરવાનું નક્કી કર્યું છે. ગયા વર્ષે સુપ્રીમ કોર્ટે બીએમસીની તરફેણમાં ચુકાદો આપ્યા બાદ એણે અમુક દુકાનદારો પાસેથી દંડ વસૂલ કર્યો હતો, પણ બીએમસીના નવા ઍડ્મિનિસ્ટ્રેટર ભૂષણ ગગરાણીએ આવ્યા બાદ નિયમનું પાલન ન કરનારા દુકાનદારો પાસેથી બમણો પ્રૉપર્ટી ટૅક્સ લેવાની જાહેરાત કરી છે.નવાઈની વાત તો એ છે કે કાયદામાં આવી કોઈ જોગવાઈ છે કે નહીં એની બીએમસીને પણ નથી ખબર, પણ તેમનું કહેવું છે કે જો જોગવાઈ નહીં હોય તો અમે એ કરી દઈશું.

આ સિવાય ગ્લો સાઈન-બોર્ડમાં પણ દુકાનનું નામ મરાઠીમાં લખેલું હોવું જોઈશે, નહીં તો આવા દુકાનદારોનું લાઈસન્સ પણ કૅન્સલ કરવામાં આવશે અને એને રિન્યુ કરવાની રકમ ૨૫,૦૦૦ રૂપિયાથી લઈને ૧.૫ લાખ વચ્ચે ચાર્જ કરવામાં આવશે.


સુપ્રીમ કોર્ટે દુકાનદારોને તેમના સાઈન-બોર્ડ મરાઠી ભાષામાં લખવાની ૨૩ નવેમ્બર ૨૦૨૩ સુધીની મુદત આપી હતી.

# છત્તીસગઢ લિકર કૌભાંડ : સુપ્રીમ કોર્ટમાં ૨૦૦૦ કરોડના કૌભાંડનો મામલો રદ

## આ મામલે ઈડી પોતે ભેરવાયું

રાયપુર,

દારુ કૌભાંડમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને જેલમાં મોકલનાર ઈડીને સુપ્રીમ કોર્ટમાં મોટો ફટકો પડ્યો છે. હકીકતમાં, ઈડી સુપ્રીમ કોર્ટમાં કથિત રૂ. ૨૦૦૦ કરોડના છત્તીસગઢ લિકર કૌભાંડને સાબિત કરી શક્યું નથી. આ પછી, ઈડીને ઝટકો આપતા, કોર્ટે પૂર્વ આઈએએસ અનિલ તુટેજા અને તેમના પુત્ર યશ વિરુદ્ધનો કેસ રદ કર્યો.



છત્તીસગઢમાં ૨૦૦૦ કરોડ રૂપિયાના કથિત દારૂ કૌભાંડના મામલામાં ઈડીને લાગેલા આંચકા બાદ વિપક્ષ ઈડી વિરુદ્ધ આક્રમક બન્યો છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે ઈડીની કાર્યવાહીને વિપક્ષ વિરુદ્ધનું ષડયંત્ર ગણાવ્યું છે. તેમણે કહ્યું કે છત્તીસગઢમાં અગાઉની સરકાર દરમિયાન પ્રકાશમાં આવેલા કથિત દારૂના કૌભાંડ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયથી એ વાતનો પર્દાફાશ થયો છે કે કેવી રીતે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કાવતરું ઘડી રહ્યું છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ઈશારે તે વિપક્ષી પાર્ટીઓને નિશાન બનાવી રહી છે. છત્તીસગઢમાં રૂ. ૨,૦૦૦ કરોડના કથિત દારૂ કૌભાંડમાં પૂર્વ ભારતીય વહીવટી સેવા અધિકારી અનિલ તુટેજા અને તેમના પુત્ર યશ સામે નોંધાયેલ મની લોન્ડરિંગ કેસને સુપ્રીમ કોર્ટે સોમવારે રદ કર્યો હતો.

# રામનવમી વખતે ચોકલેટ બોમ્બ ફૂટશે તો પણ એનઆઇએ આવશે - મમતા

કોલકતા,

લોકસભા ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળમાં કેન્દ્રીય તપાસ એજન્સીઓની ભૂમિકા અને હુમલાનો મુદ્દો બની ગયો છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જીએ કેન્દ્રીય તપાસ એજન્સીઓની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા.પુરુલિયામાં યોજાયેલી જનસભામાં મમતા બેનર્જીએ કહ્યું કે રામ નવમી ફરી આવી રહી છે, તમે જોશો કે ચોકલેટ બોમ્બ ફૂટશે તો પણ એનઆઈ આવશે. શું એનઆઈએ પાસે કોઈ સત્તા છે ? તમને જણાવી દઈએ કે ભૂપતિનગરમાં એનઆઈએની ટીમ પર હુમલો થયો છે. ભાજપ તેને મુદ્દો બનાવી રહ્યું છે. મોદીએ



રવિવારે પણ આ અંગે ટીએમસી સરકાર પર નિશાન સાધ્યું હતું.મમતા બેનર્જીએ કહ્યું કે એનઆઇએ સીબીઆઇ ભાજપના ભાઈઓ છે. ઈડી અને ઇન્કમટેક્સ મની ગ્રેબર છે. તેઓ ભયભીત છે, ભાજપ કહે છે કે આવું કરો, તેઓ દેશના તમામ નેતાઓની ધરપકડ કરી રહ્યા છે. પાર્ટીના નેતાઓની પસંદગીપૂર્વક ધરપકડ કરવામાં આવી રહી છે.

# ચૂંટણીમાં ઉતરેલા ૧૬૧૮ ઉમેદવારો પૈકી ૪૫૦થી વધુ કરોડપતિ, ૨૫૨ સામે ગંભીર ફોજદારી કેસો

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે કુલ ૧૬૧૮ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા છે. તેમાંથી ૧૬ ટકા એટલે કે ૨૫૨ની વિરુદ્ધ ક્રિમિનલ કેસ દાખલ છે. નેશનલ ઈલેકશન વોચ અને એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સએ ઉમેદવારોના એફિડેવિટનું વિશ્લેષણ કર્યા પછી આ આંકડા જાહેર કર્યા છે. ઉલ્લેખનીય છે કે ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કાનું મતદાન થશે જેમા ૨૧ રાજ્યોની ૧૦૨ લોકસભા બેઠકો માટે મતદાન થશે.

આ વખત સાત તબક્કામાં મતદાન થશે. ૧૯ એપ્રિલ પછી ૨૬ એપ્રિલ, ૭ મે, ૧૩ મે, ૨૦ મે, ૨૫ મે અને ૧ જૂને મતદાન થશે. બંગાળ, ઉત્તર પ્રદેશ અને બિહારમાં સાત તબક્કામાં ચૂંટણી થવાની છે. ચાર જૂને પરિણામ જાહેર કરવામાં આવશે. એડીઆરના રિપોર્ટ અનુસાર ૧૦ ટકા ઉમેદવારો વિરુદ્ધ ગંભીર કેસો દાખલ છે. સાત ઉમેદવારો પર હત્યા, ૧૮ સામે મહિલાઓની વિરુદ્ધ બળાત્કાર જેવા અપરાધ, ૩૫ ઉમેદવારો વિરુદ્ધ હેટ




સ્પીચના કેસ દાખલ છે.

રિપોર્ટ અનુસાર ભાજપના ૭૭માંથી ૨૮ તથા કોંગ્રેસના ૫૬માંથી ૧૯ ઉમેદવારો વિરુદ્ધ ક્રિમિનલ કેસ દાખલ છે. રાજદની વાત કરવામાં આવે તો તેના આ તબક્કાના ચારેય ઉમેદવારો સામે ક્રિમિનલ કેસ દાખલ છે. ડીએમકે, સપા, ટીએમસી અને બીએસપીના ક્રિમિલ કેસવાળા ઉમેદવારોનું પ્રમાણ અનુક્રમે ૫૯, ૪૩,૪૦ અને ૧૩ ટકા છે. ૧૦૨માંથી ૪૨ લોકસભા બેઠકો પર રેડ એલર્ટ જારી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે રેડ એલર્ટ એવી બેઠકો માટે જારી કરવામાં આવે છે જેના પર ત્રણથી વધારે ઉમેદવારો પર ક્રિમિનલ કેસ દાખલ હોય છે.

એડીઆરના રિપોર્ટ અનુસાર ૧૬૧૮ ઉમેદવારો પૈકી ૪૫૦થી વધુ સામે એક કરોડથી વધારેની સંપત્તિ છે. ભાજપના ૯૦ ટકા ઉમેદવારો કરોડપતિ છે. જ્યારે કોંગ્રેસના ૮૮ ટકા ઉમેદવારો પાસે એક કરોડથી વધુની સંપત્તિ છે. જો કે પ્રથમ તબક્કામાં ચૂંટણી લડનારા ૧૦ ઉમેદવાર એવા પણ છે જેમણે જણાવ્યું છે કે તેમની પાસે કોઈ સંપત્તિ નથી.

# રાજસ્થાનમાં રેકોર્ડ તૂટ્યો : ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં ૧૧૪૦% વધુ નાણાં જપ્ત

જયપુર,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ દરમિયાન આદર્શ આચારસંહિતા લાગુ થયા બાદથી, વિવિધ અમલીકરણ એજન્સીઓએ રાજસ્થાનમાં અત્યાર સુધીમાં ગેરકાયદેસર રોકડ, ડ્રગ્સ, દારૂ, કિંમતી ધાતુઓ, ૫૮૬ કરોડ રૂપિયાથી વધુની મફત વિતરણ જપ્ત કરી છે. વગેરે મુખ્ય ચૂંટણી અધિકારી પ્રવીણ ગુપ્તાએ જણાવ્યું હતું કે રાજ્યમાં ૧૬ માર્ચ, ૨૦૨૪ થી અત્યાર સુધીમાં વિવિધ એજન્સીઓ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં પ્રથમ ૩ અઠવાડિયામાં ૫૮૬ કરોડ રૂપિયાની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. આ જપ્તી વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણી દરમિયાન આદર્શ આચાર સંહિતાના ૭૫ દિવસના સમયગાળા દરમિયાન કરવામાં આવેલી કુલ રૂ. ૫૧.૪૨ કરોડની કિંમતની જપ્તી કરતાં ૧૧૪૦% વધુ છે.

ગુપ્તાએ જણાવ્યું હતું કે, હાલમાં આચારસંહિતા લાગુ થયા બાદ આશરે રૂ. ૩૦ કરોડની ગેરકાયદે રોકડ, રૂ. ૫૮.૭૫ કરોડની દવાઓ, આશરે રૂ. ૩૧.૮૫ કરોડની કિંમતનો ગેરકાયદેસર દારૂ અને રૂ. ૩૩.૧૭ કરોડની કિંમતી સોના, ચાંદી વગેરે કિંમતી ધાતુઓ ઝડપાઈ છે. જપ્ત કરવામાં આવ્યા છે. જપ્ત કરવામાં આવ્યા છે. આ સમયગાળા દરમિયાન, ૪૦૪.૭૪ કરોડ રૂપિયાની અન્ય સામગ્રી અને લગભગ ૯૫.૭ લાખ રૂપિયાની મફત વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

૧૬ માર્ચે આચારસંહિતા લાગુ થઈ ત્યારથી અત્યાર સુધીમાં દરેક જિલ્લામાં ૧૦ કરોડથી વધુ રકમ જપ્ત કરવામાં આવી છે.

# જામનગરમાં ઝુલેલાલ જયંતિની આસ્થાભેર ઉજવણી : વિશાળ બાઈક રેલી

## સિંધી સમાજના ભાઈઓ-બહેનો દર્શનાર્થે ઉમટી પડ્યા : ઝુલેલાલ મંદિરમાં મહા આરતી સમુહ જનોઈ સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં આજે સિંધી સમાજ દ્વારા ઝુલેલાલ જયંતિની ભારે આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી છે, શહેરના ત્રણ બત્તી વિસ્તારમાં આવેલા ભગવાન ઝૂલેલાલ મંદિરે સવારે મહા આરતી કરવામાં આવી હતી, ત્યારે બહોળી સંખ્યામાં સિંધી સમાજના ભાઈઓ બહેનો દર્શનાર્થે કતારબંધ ગોઠવાયા હતા, અને ભગવાન ઝૂલેલાલના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ ઉપરાંત વિશાળ બાઈક રેલી યોજાઈ હતી.

જામનગરમાં ત્રણબત્તી વિસ્તારમાં આવેલા ભગવાન ઝૂલેલાલના મંદિરે ચેટીચાંદના પર્વને લઈને વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે અને ઝુલેલાલ મંદિરને ઝળહળતી રોશનીથી સજજ બનાવી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત ત્રણ બત્તી વિસ્તારમાં ખાસ કરીને ઝૂલેલાલ ચોકમાં પ્રસ્થાપિત ભગવાન ઝુલેલાલ ભગવાનની પ્રતિમા કે જેની ફરતે ભવ્ય રોશની ગોઠવાઈ છે. તેમજ સમગ્ર સિંધી સમાજ દ્વારા ભગવાન ઝુલેલાલની પ્રતિમાને હારતોરા કરી પૂજન અર્ચન કરાયું હતું. સિંધી સમાજ દ્વારા પ્રતિવર્ષ મુજબ આ વખતે પણ ઝૂલેલાલ જયંતિની ભવ્ય ઉજવણી થઈ રહી છે. ભજન- કીર્તન- મહા આરતી- પાઠ તેમજ સમુહ જનોઈ અને ગીત સંગીતના કાર્યક્રમો તેમજ બાઈક રેલી અને શોભા યાત્રા સહિતના આયોજન હાથ ધરાયા હતા. આ તમામ કાર્યક્રમોમાં સિંધી સમાજના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

# જામનગર શહેરમાં ભાજપના કાર્યક્રમમાં ક્ષત્રિયાણીઓએ દોડી આવી સૂત્રોચ્ચાર કરી હંગામો મચાવ્યો

## રૂપાલા હાય હાયના સુત્રો પોકારી સ્ટેજ પર ચડી ગઈ : પોલીસે મહિલાઓને દૂર ખસેડી મામલો થાળે પાડ્યો


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં નિલકમલ સોસાયટી વિસ્તારમાં ભાજપ દ્વારા મોદી પરિવાર સભા યોજવામાં આવી હતી. જેમાં ક્ષત્રિયાણીઓએ પહોંચી જઈ ખલેલ પહોંચાડી હતી અને રૂપાલા હાય હાય અને રૂપાલાની ટિકિટ રદ કરોના સૂત્રોચાર શરૂ કરી દેતાં ભારે હલચલ ગઈ હતી અને સ્ટેજ પર બેઠેલાં ભાજપના પૂર્વ મંત્રી, પૂર્વ મેયર સહિતના હોદ્દેદારો અસમંજસમાં મુકાયા હતા. ત્યારે કેટલીક ખુરશીઓ પણ ક્ષત્રિયાણીઓ દ્વારા ઉપાડીને ફેકવામાં આવી હતી. જેથી વાતાવરણ તંગ બની ગયું હતું. જો કે, પોલીસ ટુકડીએ સમય સૂચકતા વાપરી તમામ રાજપૂત બહેનોને ત્યાંથી દૂર કર્યા હતા. જેથી મામલો શાંત થયો હતો.

જામનગરના નીલકમલ સોસાયટી વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા મોદીનો પરિવાર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પૂર્વ રાજયમંત્રી વસુબેન ત્રિવેદી, પૂર્વ મેંયર અમીબેન પરીખ, પૂર્વ મેયર બીનાબેન કોઠારી, પૂર્વ શહેર પ્રમુખ હસમુખ હિંડોચા, શાસક જૂથના નેતા આશિષ જોશી, ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક હોદ્દેદારો શહેર મહામંત્રી વગેરે સ્ટેજ પર બેઠા હતા અને કેટલાક ભાજપના સમર્થકો ની હાજરીમાં કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. તેની થોડી ક્ષણોમાં જ કેટલાક સ્થાનિક ક્ષત્રિય મહિલાઓ પોતાના બાળકો વગેરે સાથે મંચ પર ધસી આવ્યા હતા અને રૂપાલા હાયના નારા લગાવ્યા હતા. રૂપાલાની ટિકિટ રદ કરો જેવી માંગણી કરી કાર્યક્રમમાં ખલેલ પહોંચાડી હતી. જ્યારે સ્ટેજ પર પાછળના ભાગમાં ખાલી રહેલી બે-ત્રણ ખુરશીઓ પણ ઉચકીને ફેંકી હતી. દરમિયાન મહિલા પોલીસ સહિતની ટુકડી મંચ પર આવી પહોંચી હતી અને રાજપૂત સમાજના બહેનોને ભારે સમજાવટ કર્યા પછી એક પછી એક કરીને મહિલાને મંચથી દૂર લઈ ગયા હતા. ત્યારબાદ મામલો થાળે પડ્યો હતો અને ભાજપ દ્વારા કાર્યક્રમ આગળ ધપાવવામાં આવ્યો હતો. ત્યાં સુધી મનસુખ પર બેઠેલા ભાજપના અગ્રણીઓ તથા શ્રોતાગણ ભારે અસમંજસમાં મુકાયા હતા.

## જામ્યુકોના સીટી ઈજનેર પાસે ખંડણી માંગનાર પૂર્વ કોર્પોરેટરની આગોતરા જામીન અરજી નામંજૂર

જામનગર : જામનગરમાં ગત માસે મહાનગરપાલિકાના અધિકારી પાસે ખંડણી માંગવા અંગેની નોંધાયેલ ફરિયાદના ચકચારી કેસમા ધરપકડ થવાની દહેશતથી કોર્પોરેટર પતી એવા આરોપી તેજશી ઉર્ફે દીપુભાઈ વાલજીભાઈ પારીયાએ સેશન્સ કોર્ટમા કરેલ આગોતરા જામીન અરજી રદ કરવામાં આવી છે.

જામનગર મહાનગર પાલિકાના સિટી એન્જિનિયર ભાવેશ જાની પોતાની હોદાની રૂએ ફરજ બજાવતા હતા ત્યારે જામનગર શહેરના વોર્ડ નં. ૭ ના એક અરજદારે ઈમ્પેકટ એકટ હેઠળ તેઓનુ બાંધકામ રેગ્યુલરાઈઝ કરવા અગાઉ અરજી કરેલ હોય અને જે અરજી નામંજુર થયેલ હોય અને ફરીયાદીને કહેલ કે જો તમે રદ કરશો તો તમોને એટ્રોસીટી એકટ હેઠળના કેસમા ફસાવી દઈશ અને હેરાન કરી નાખીશ તેવી આરોપી તેજશી ઉર્ફે દીપુ પારીયાએ અધિકારીની ચેમ્બરમાં જઈ ધાકધમકી આપી હતી. અને સારી રીતે નોકરી કરવી હોય તો દર મહિને એક લાખના હપ્તાની માગણી કરેલ અને જો હપ્તો નહી આપો તો જીવવા નહી દઉ અને ખોટા કેસમા ફસાવી દઈશ તેમ ધમકી આપી શર્ટનો કાઠલો પકડી અગાઉ નામંજુર થયેલ ફાઈલ ગેર કાયદેસર મંજુર કરી આપવા દબાણ કર્યું હતું. અને માનસિક દબાણ આપી પૈસા પડાવવાની કોશીસ કરી હતી.

ત્યારબાદ સીટી ઈજનેર દ્વારા દિપુ પરિયા સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી ધરપકકડથી બચવા આરોપીએ જામનગરની સેશનસ અદાલતમા આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી જેની સુનવણી સેશન્સ કોર્ટમાં ચાલી જતા જીલ્લા સરકારી વકીલ જમનકુમાર ભંડેરીએ અદાલતમા તપાસનીશ અધિકારીના સોગંદના મુજબ ધારદાર દલીલ કરેલ અને હજુ કેસની તપાસ ચાલુ હોય જેથી આરોપીની કસ્ટડી જરૂરી હોય, અદાલતે જીલ્લા સરકારી વકીલ જમનકુમાર ભંડેરીની રજુઆત તપાસનીશ પોલીસ અધિકારીનુ સોગંદનામુ વિગેરે ધ્યાને લઈને આરોપીની આગોતરુ જામીન અરજી રદ કરી છે.

## જામનગરમાં નિવૃત્ત ડીવાયએસપીની કિંમતી જગ્યા પચાવી પાડનાર શખ્સ સામે લેન્ડ ગ્રેબિંગ ગુનો નોંધાયો

જામનગર : જામનગરમાં તેજ પ્રકાશ સોસાયટી વિસ્તારમાં રહેતા નિવૃત્ત ડી.વાય.એસ.પી. ની પટેલ કોલોની શેરી નંબર ૯ માં આવેલી ૨૦૦૦ ફૂટ માં બાંધકામ વાળી 'ગીતા નીવાસ' વાળી મિલકત પચાવી પાડવા અંગે પટેલ કોલોનીમાં જ રહેતા એક શખ્સ સામે લેન્ડ ગ્રેબિંગ અંગેનો ગુનો નોંધાવાતા ભારે ચકચાર જાગી છે. નિવૃત પોલીસ અધિકારી દ્વારા પોતાની જગ્યા પચાવી પાડવા અંગે જિલ્લા કલેક્ટરમાં લેન્ડ ગ્રેબિંગ અંગે અરજી કરાયા પછી તપાસના અંતે આ ગુનો દાખલ કરાયો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં તેજ પ્રકાશ સોસાયટીમાં રહેતા નિવૃત્ત ડીવાયએસપી ધર્મેન્દ્રસિંહ અનોપસિંહ જાડેજા કે જેઓની વારસાગત માલિકીની આશરે ૨,૦૦૦ ફૂટ જેટલી જગ્યા પટેલ કોલોની શેરી નંબર ૯ ના છેડે શાંતિનગર શેરી નંબર ૩ વાળા વિસ્તારમાં આવેલી છે, અને તે જગ્યા ગીતા નિવાસ તરીકે ઓળખાય છે. ઉપરોક્ત જગ્યા વોર્ડ નંબર ૧૨, સીટ નંબર ૫૮, સીટી સર્વે નંબર ૬૦૬૪ જેનું શેત્રફળ ૧૮૫.૨૯ અને પાકા બાંધકામ વાળી જગ્યા છે. જે મકાન ફરિયાદી ધર્મેન્દ્રસિંહ જાડેજાને તેમના માતાના વારસાઈમાં મળેલી છે. ઉપરોક્ત જગ્યાનો કબજો હાલ પટેલ કોલોની શેરી નંબર ૯ ના છેડે રહેતા ઋષિરાજસિંહ તખુભા જાડેજાએ રાખી લીધો હોવાનું અને તે મિલકત પચાવી પાડવાના ઈરાદે ખાલી નહીં કરતા હોવાનું જણાવી તેઓએ સૌપ્રથમ જામનગરના જિલ્લા કલેકટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ એક્ટ અનુસંધાને અરજી કરી હતી. જે અરજીમાં કલેકટર દ્વારા પોલીસ તપાસનો હુકમ થયો હતો, અને સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ઉપરોક્ત જગ્યાનું સર્વે કરીને તેનો રિપોર્ટ તૈયાર કરીને જિલ્લા પોલીસ વડા મારફતે જિલ્લા કલેકટર સમક્ષ મોકલાવામાં આવ્યો હતો. જેમાં ઉપરોક્ત જગ્યાનો ગેરકાયદે કબજો હોવાનું તારણ નીકળ્યું હતું. જેના અનુસંધાને જિલ્લા કલેકટર દ્વારા આ ગેરકાયદે દબાણ સંબંધે લેન્ડ ગ્રેબિંગ એક્ટ અંગે ગુનો નોંધવાનો જિલ્લા પોલીસવડાને હુકમ કરાયો હતો. આથી નિવૃત્ત ડીવાયએસપી ધર્મેન્દ્રસિંહ જાડેજાની ફરિયાદના આધારે સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ઋષિરાજસિંહ જાડેજા સામે ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધિત) વિધેયક ૨૦૨૦ ની કલમ ૪ (૩) ૫ (ગ) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે, અને શહેર વિભાગના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા દ્વારા આ પ્રકરણમાં તપાસનો દોર હાથમાં લેવાયો છે.

## જામનગરમાં ટ્રાફિક ડ્રાઈવમાં ૨૦ બૂલેટ ડીટેઈન

જામનગર : જામનગરમાં છેલ્લા એકાદ વર્ષથી બૂલેટનો ક્રેઝ વધ્યો છે અને બૂલેટમાં જુદા જુદા અવાજના સાયલેન્સરો લગાડી મોટા મોટા અવાજે ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા હોવાથી ગઈકાલે જામનગર ટ્રાફિક શાખાના પીઆઈ એમ. બી. ગજજરની આગેવાનીમાં પીએસઆઈ આર. ડી. ગોહિલ, આર. એલ. કંડોરિયા, બી. જે. તીરકર, આર. સી. જાડેજા સહિતની જુદી જુદી ટીમો બનાવી શહેરના સાત રસ્તા, બેડી ગેઈટ, એસ ટી રોડ, સમર્પણ ચોકડી, દિગ્જામ સર્કલ, ગુલાબનગર, લાલપુર બાયપાસ ચોકડી, નૂરી ચોકડી, દરબારગઢ સહિતના વિસ્તાર પર બૂલેટની સ્પેશિયલ ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં મોટા અવાજવાળા સાયલેન્સરો ફીટ કરી તેમજ ફેન્સી નંબર પ્લેટવાળા, સ્પીડમાં બૂલેટ ચલાવતા સહિતના મુદાઓને ટાંકીને કાર્યવાહી હાથ ધરી હતી. સાંજે ૬ વાગ્યા સુધીમાં ૨૦ થી વધુ બૂલેટો ચલાવનારાઓએ ગલી પકડી ઘરે પહોંચ્યા હતા. પરંતુ ટ્રાફિક પોલીસે મોડી રાત સુધી આ કામગીરી ચાલુ રાખી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, છેલ્લા થોડા સમયથી ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાઓ સામે લાલ આંખ કરી છે. પીઆઈ ગજ્જરની આગેવાનીમાં અગાઉ બસો, કારમાંથી બ્લેક ફિલ્મો ઉતારવા સહિતની કામગીરી કરી છે. આડેધડ પાર્ક કરેલી ફોર વ્હીલર ગાડીને લોક કરીને પણ દંડાત્મક કાર્યવાહી કરી છે.

## રૂપાલાના વિરોધમાં બહેનોએ હિંમત દર્શાવી તેને મારા ધન્યવાદ : જામસાહેબ

### બહેનોએ જૌહર કરવાનો કોઈ પ્રશ્ન જ નથી, લોકશકિતએ ભેગા મળી લોકશાહી અનુરૂપ સજા કરવી તે યોગ્ય છે



જામનગર : રાજકોટ લોકસભાની બેઠકમાં ભાજપના ઉમેદવાર દ્વારા રાજપૂત સમાજ વિશે કરવામાં આવેલી ટિપ્પણી સામે જામનગરના પૂર્વ રાજવીએ પોતાનું મંતવ્ય રજૂ કર્યું છે અને બહેનોને જોહર નહી કરવા, પરંતુ ચૂંટણીમાં તેમને હરાવવા જણાવ્યું છે.

જામનગરના પૂર્વ રાજવી જામ સાહેબ શ્રી શત્રુશલયસિંહજી જાડેજા એક પત્ર મારફતે પોતના મંતવ્યમાં જણાવ્યા મુજબ આ બારામાં હજુ સુધી કઈ વધુ પડતું નથી બન્યું. તે મારા હિસાબે સારી વાત છે. કારણ કે, કોઈ આપણું ખરાબ બોલી અપમાન કરે, તો તેના અનુસંધાને આપણે પોતાની જાતને ભયંકર સજા ન આપવાની હોય. પરંતુ, અયોગ્ય વાત બોલવાનો ગુન્હો કરે તેની સજા થવી જોઈએ.

જે બહેનોએ આ હિંમત દર્શાવી તેને મારા ધન્યવાદ છે. પરંતુ, જે કાર્યનો સંકલ્પ કર્યો હતો, તેની હું ટીકા કરું છું કારણ કે, ' જૌહર " નો પ્રશ્ન આ કિસ્સામાં બિલ્કુલ ઉપસ્થિત થતો જ નથી. હાલમાં, ભારતમાં લોકશાહી લાગુ છે. એક જમાનામાં રાજપૂતો રાજ કરતા હતા, તેનું કારણ માત્ર હિંમત નહોતી પણ સાથે-સાથે એકતાનું પણ કારણ હતું. તે જમાનામાં રાજપૂતો એકબીજા માટે મરી જવા તૈયાર હતા. જ્યારે આજનાં જમાનામાં ઘણીવાર જોવામાં આવે છે કે, રાજપૂતો નહીં જેવી બાબતોમાં એક બીજાને મારવા તૈયાર થઈ બેસે છે. તો એ સમય આવી ગયો છે કે, આજના લોકશાહીના સમયમાં ગેરવ્યાજબી રીતે નહીં પણ લોકશાહીની રીતે એકતા બતાવી વિરોધ કરવામાં આવે. રાજપૂતોએ માત્ર હિંમત જ નહીં પણ એકતા રાખી બતાવી દેવાનું છે કે, રજપૂતો હજી ભારતમાં જ છે. તેથી સહુ રજપૂતો ભેગા મળી જે કોઈ આવું કૃત્ય કરે કે જે આપણને ન પોસાય. ત્યારે તેને ભેગા મળી ચૂટણીમાં હરાવો. આને જ કહેવાય, લોકશક્તિએ ભેગા મળીને આપેલી લોકશાહીને અનુરૂપ સજા.

## કાલાવડમાં પાડોશીઓના ત્રાસથી કંટાળી વૃદ્ધ મહિલાનો આપઘાત

### આત્મહત્યા કરવા માટે મજબૂર કરનારા ૧૦ પાડોશીઓ સામે ગુનો નોંધાયો

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના આંબેડકર નગરમાં રહેતા એક વૃદ્ધ મહિલાએ પોતાના પાડોશીઓના ત્રાસના કારણે ફીનાઈલ પી લઈ આત્મહત્યા કરી લીધી હતી. જે મામલો પોલીસ મથકમાં લઈ જવાતા વૃદ્ધ મહિલાને આત્મહત્યા કરવા માટે મજબુર કરનાર ૧૦ પાડોશીઓ સામે ગુનો નોંધ્યો છે.


આ બનાવની વિગત એવી છે કે કાલાવડ ટાઉનમાં આંબેડકર નગરમાં રહેતા રામીબેન ઉગાભાઈ સોંદરવા નામના ૬૦ વર્ષના વૃદ્ધ મહિલાએ ગત ૬ તારીખે પોતાના ઘેર ફીનાઈલ પી લીધું હતું, જેથી તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. તેઓએ પોતાના પાડોશીઓના અવારનવારની માથાકુટ અને ત્રાસથી કંટાળી જઈ આ પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું હતું, ત્યારબાદ રામીબેનનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતક રાનીબેનના પુત્ર પ્રફુલભાઈ ઉગાભાઈ સૌંદરવાએ કાલાવડ ટાઉન પોલીસ મથકમાં પોતાના માતાને ત્રાસ આપી મૃત્યુના મુખમાં ધકેલી દેનાર પાડોશીઓ અમુભાઈ ચનાભાઈ સોલંકી, હંસાબેન અમુભાઈ સોલંકી, રેખાબેન અમુભાઈ સોલંકી, ગોવિંદભાઈ સોલંકી, જયાબેન ગોવિંદભાઈ સોલંકી, વિનોદભાઈ અમુભાઈ સોલંકી, સોનલબેન વિનોદભાઈ સોલંકી, કિશોરભાઈ અમુભાઈ સોલંકી, જ્યોતિબેન કિશોરભાઈ સોલંકી, અને વીરજીભાઈ ડાયાભાઈ સોંદરવા સામે આઈપીસી કલમ ૩૦૬ અને ૧૧૪ મુજબ ગુનો નોંધ્યો છે.

ફરીયાદીના પરિવાર અને આરોપીઓના પરિવાર વચ્ચે આશરે દોઢેક વર્ષ પહેલાં ઝઘડો થયો હતો, અને આ બાબતે પોલીસ ફરિયાદ થઈ હતી. જેનું મનદુઃખ રાખીને આરોપીઓ અવારનવાર ફરિયાદી અને તેના પરિવાર સાથે ઝઘડાઓ કરી માથાકૂટ કરીને ત્રાસ આપતા હતા. જે ત્રાસ સહન નહીં થતાં રામીબેને આત્મહત્યાનું પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

## જામનગર, ધ્રોળ અને બેડમાં ત્રણ સ્થળે તસ્કરી

### ધ્રોલ અને બેડમાં રહેણાંક મકાન અને દુકાનમાંથી ૫૪૫૦૦ રોકડની ચોરી, તળાવની પાળે યુવાનનો ૬૫ હજારનો મોબાઈલ ચોરાયો



જામનગર : જામનગર જિલ્લામાં તસ્કર રાજ ચાલી રહ્યું છે, અને વધુ ત્રણ સ્થળે ચોરી થયાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

જામનગરમાં તળાવની પાળે ફરવા ગયેલા એક યુવાનનો કિંમતી મોબાઈલ ફોન ચોરાયો છે. ધ્રોલમાં એક મકાનને તસ્કરોએ નિશાન બનાવી લઈ ૪૫,૦૦૦ ની રોકડ રકમની ચોરી કરી લઈ ગયા જ્યારે બેડમાં આવેલી દુકાનને નિશાન બનાવી અંદરથી રોકડ રકમની ચોરી કરી તેમજ શહેરના પટેલ કોલોની શેરી નંબર ૧૦ માં રહેતો કેયુર હિંમતભાઈ નસીત નામનો યુવાન ગઈકાલે લાખોટા તળાવની પાળે ફરવા માટે ગયો હતો, જે દરમિયાન કોઈ તસકરોએ તેમનો ૬૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જામનગર જિલ્લાના ધ્રોલમાં ખારવા રોડ પર ઉમિયા સોસાયટીમાં રહેતા સંદીપભાઈ ભીમજીભાઈ કાનાણી નામના વેપારીના બંધ રહેણાંક મકાનને કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધું હતું, અને પોતાના કારખાનાના હિસાબની ૪૫ હજારની રોકડ રકમ ડ્રેસિંગ ટેબલ પર રાખી હતી, તે રકમ કોઈ તસ્કર ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ધ્રોળ પોલીસ મથકમાં નોંધાવી છે.

ચોરીનો ત્રીજો બનાવ બેડમાં બન્યો હતો. બેડ ગામના પાટિયા પાસે આવેલી તિરૂપતિ પાન નામની દુકાનના કોઈ તસ્કરોએ શટર ઉચકાવી અંદરથી રૂપિયા સાડા નવ હજારની રોકડ રકમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. જે મામલે સિક્કા પોલીસ તપાસ ચલાવે છે.